Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेन्द्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
' आत्मानन्द प्रकाश ' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ चैत्र आत्म सं. २६ | अंक ९ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ શ્રી વીર—જયન્તી ... | ૨૧૩ | ૭ મહાવીર પ્રભુનું અદ્રશ્ય સ્વરૂપ મનુષ્ય ક્યારે જોઇ શકે? ... | ૨૨૯ |
| ૨ શ્રી વીર પ્રભુનુ ચરિત્ર ગાન. ... | ૨૧૪ | ૮ મનન કરવા યોગ્ય નીતિના વાક્યો. | ૨૩૩ |
| ૩ શ્રાવકની કરણીનું રહસ્ય. ... | ૨૧૫ | ૯ સમયના પ્રવાહમાં ... | ૨૩૩ |
| ૪ આધુનિક ઇતિહાસ પ્રત્યે બેદરકારી. | ૨૨૦ | ૧૦ વર્તમાન સમાચાર ... | ૨૪૬ |
| ૫ ઉચ્ચ ભાવના ... | ૨૨૩ | | |
| ૬ ઐતિહાસિક સ્વાધ્યાય. ... | ૨૨૫ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને નમ્ર સુચના.

અમારા માનવંતા ગ્રાહકોને આ ઓગણીશમા વર્ષની ભેટ તરીકે એક બોધદાયક ગ્રંથ ભેટ આપવા માટે છપાય છે. દરવર્ષ નિયમિત ભેટ આપવાનો અમારોજ ક્રમ છે તે અમારા ગ્રાહકોના લક્ષમાંજ છે. કેટલાક વખતથી પોસ્ટ ખાતામાં વેલ્યુપેબલનો ચાર્જ વધ્યો છે, પ્રથમ અત્રે બે આના વી૦ પી૦ ની ફીની ટીકીટો ચોડ્યા છતાં બે આના વી૦ પી૦ લેનાર ( સ્વીકારનાર ) ની પાસેથી પણ પોસ્ટ ખાતા તરફથી વધારે લેવાય છે. ( બુકના વજન ઉપરનો દર પણ જુદોજ છે. ભેટની બુક વી૦ પી૦ થી મોકલતાં આવી રીતે વધારે ખર્ચ આવે છે, તેથી જે ગ્રાહક મહાશય આ વર્ષનું લવાજમ મનીઓર્ડરથી કે બીજી રીતે પ્રથમ મોકલી આપશે તેમને ભેટનો ગ્રંથ બુકપોસ્ટથીજ મોકલવામાં આવશે. જેથી તેમને ચાર આનો લાભ થશે. પ્રથમથી લવાજમ નહીં મોકલનાર બંધુઓને વી૦ પી૦ મોકલવામાં આવશે.

પ્રથમ લવાજમ મોકલનાર બંધુએ રૂા. ૧-૪-૦ લવાજમ અને બુકપોસ્ટના રૂા. ૦-૨-૦ મળી રૂ. ૧-૬-૦ મોકલવા તસ્દી લેવી અને જે બંધુઓને વી૦ પી૦ થી મોકલવામાં આવશે તેમને ઉપર પ્રમાણે લવાજમના અને વી૦ પી૦ ચાર્જના મળી રૂા. ૧-૧૦-૦ નું વી૦ પી૦ કરી મોકલવામાં આવશે. બુક ઘણી મોટી હોવાથી પોસ્ટનો ચાર્જ સહેજ વધારે આવશે.

જે બંધુઓને વી૦ પી૦ ન સ્વીકારવું હોય તેમણે અમોને પ્રથમથી લખી જણાવવું જેથી પોસ્ટ ખાતાને અને અમોને નકામી મેહેનત પડે નહીં.

---

જલદી મંગાવો. ઘણીજ થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ.

જૈનપાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે પ્રકરણોના ત્રણ ગ્રંથો જે મૂલ તથા અવચૂરિ સંસ્કૃતમાં અને ભાષતર ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રકરણ પ્રથમ ચલાવવામાં આવે છે તે **૧ જીવ વિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડક વૃત્તિ** તે આ ત્રણે છે. તે એવી રીતે પ્રગટ કરવામાં આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરિ સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસહ સરલ અને સ્ફૂટ રીતે આપવામાં આવેલ હોવાથી, લઘુ વયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે. જૈનપાઠશાળા કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવા છે. તેને માટે વધારે લખવા કરતાં મંગાવી જોવાથી વધારે ખાત્રી થાય તેમ છે.

જૈનપાઠશાળા કન્યાશાળા માટે મંગાવનારને ઘણીજ ઓછી કિંમતે ( જુજ કિંમતે ) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઈનામના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદ્દલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ—પાકી કપડાની બાઈડીંગ રૂા. ૦—૮—૦ આઠ આના.
કાચું બાઈડીંગ માત્ર રૂા. ૦—૬—૦ છ આના.
૨ જીવ વિચાર વૃત્તિ પાકા બાઈડીંગની માત્ર રૂા. ૦—૪—૦ ચાર આના.
૩ દંડક વિચાર વૃત્તિ પાકા બાઈડીંગના માત્ર રૂા.૦—૫—૦ પાંચઆના (પો. જુદું.)
ઘણીજ થોડી નકલો સીલીકે છે જેથી અમારે ત્યાંથી જલદીથી મંગાવશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

408

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्व-
विकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्,
तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थके-
ष्वध्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वा-
णमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ चैत्र आत्म० संवत् २६. [ अंक ९ मो.

## શ્રી વીર-જયન્તી.

રાગ—( દાસ પરે દયા લાવો રે, દયાળુ દેવા દાસપરે. )

મહાવીરના ગુણ ગાવો રે, ભવીયા ભાવે, મહાવીરના ગુણગાવો (૨)
ચૈતર તેરશ અજવાળી, જાણી વીર જન્મ ખુશાલી;
ગુણ ગાવા સહુ જન આવો, આવો રે..............ભવીયાભાવે૦ ૧
પ્યારા પ્રભુજીનું પ્રીતે, જીવન સમજી સુરીતે;
એ સમ સમતા પાવો, પાવો રે..................ભવીયા ભાવે૦ ૨
વ્હાલા શ્રી વીરની વાણી, જાણી ગુણ ખાણી આણી;
એ શુભ પન્થે જાવો, જાવો રે..................ભવીયા ભાવે૦ ૩
વીરત્વ દાખી પ્રભુજી, વરીયા વીરનામ વિભુજી;
એ વડવીરને ધ્યાવો, ધ્યાવો રે..................ભવીયા ભાવે૦ ૪
વીરના ગુણ ગાન કરીને, સહુ જન મન સુખ વરીને;
લ્યો નરભવનો લ્હાવો, લ્હાવો રે..................ભવીયા ભાવે૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીરત્વ અર્પતું શ્રી વીર પ્રભુનું.

## ચારીત્ર ગાન.

અખી સ્વપ્ન મહીં.........................લય.

પરમાનંદ જ્યોતિ સ્વરૂપ વિભુ !
વીર ! તાત ! મહૈશ્વર્યુદધી તું !
કરૂણાળુ ! ક્ષમાનિધિ ! ભ્રાત વિભુ !
તવનું અનુપમ ચારીત નમું !

મનહર ! કર પ્રફુલ તું વરણુન તે, અમને અતિ અતિ અતિ શીખ દીએ;
ગુણુ સાથ વીરત્વ હૃદે પ્રસરે, ક્ષમતા ધીરતા મૃદુતાદિ ઝરે ! પરમા૦
ઉદરે અનુપમ ચિંતવન નિજનું, પ્રતિ માપ અમાપજ ભક્તિ વિભુ !
ચરણાંગુઠડે ડગતો નગ તુ ? જનુની ભક્તિ દ્દશ્યજ બાળનું. પરમા૦

શિશુવયની અદ્દભૂત તું વિરતા !
પ્રતિદેવ ! વિલીન થયો દુ:ખદા;
વીર મુક્ત હૃદે સ્તવતો સુખદા !
અહો શી અતીશે તવનીજ પ્રભા. પરમા૦

ગૃહવા પ્રવજ્યા પ્રભુ ભ્રાત કને, અનુજ્ઞા યદી ચિંતવી તેજ સમે;
નીરખી હૃદયે વીલીન અરે ! મન પામી વસ્યા ગૃહ વર્ષ દ્વયે. પરમા૦
સહતા ઉપસર્ગ ધરીજ ક્ષમા ! 'સમ'ભાવ થકી નહી ચ્યુત થયા !
ઉપસર્ગ જ સંગમ ગોપતણા, જડતા નવ શબ્દ પ્રભા કથવા. પરમા૦

ચરણે ડસતાં પન્નગ કૌશીક !
વીલીન થયા ન ધરી મન ભીત !
નવ મગ્ન થયા નમતાં સુરધીપ !!
ક્ષમતા વીરતા તવની અગણીત. પરમા૦

ઉપસર્ગ પ્રતિ અતિ કમર કસી, તરવા પથ શુભ પ્રકાશ કરી !
હરવા ભવ તાપ ત્રીલોકપતી, તવ જ્ઞાન તણો કદી પાર નથી. પરમા૦
અતિશયી શ્રી ! નાથ કૃપા ઉદધી, ગુણુ અબ્ધિ વિભુ વીર જગતપતી.
ભવટાળક અઘ અમાપ અતિ, તવ વાક સુધા ભવને હરતી. પરમા૦

તવ ચારીત શુંય અમાપ કહું !
ગુણુ સાયર ! નાથ સદા પ્રણુમું !
કર લલીત જીવન ઉર એજ ચહું !
રતિ શ્રી ચર્ણામ્બુજ શિર્ષ ધરૂં. પરમા૦

**નગીનદાસ એમ વૈદ્ય ડભોઇ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવકની કરણીનું રહસ્ય.

## ( કરણી ૩ જી ચોથી. )

( ગતાંક પૃષ્ઠ ૧૯૮ થી શરૂ. )

### ' किंच कुलं ' ' મારૂં કેવું કુળ છે ? '

પ્રથમ કરણીથી શ્રાવક ' હું કોણ છું ' એમ આત્માવલોકન કરી, બીજી કરણીથી શ્રાવક પોતાની અવસ્થા-સ્થિતિનો વિચાર કરે છે. એવી રીતે આત્મા અને આત્મસ્થિતિનો વિચાર કર્યા પછી સ્વાભાવિક રીતે કુલનું સ્મરણ થઇ આવે છે. વિચારક મનુષ્યે આત્મસ્થિતિનું અવલોકન કર્યા પછી કુલનું અવલોકન કરવું જોઇએ. જ્યારે નિશ્ચય થયો કે, ' હું શ્રાવક છું ' અને ' મારી અવસ્થા અમુક પ્રકારની છે ' પછી તેણે વિચારવું જોઇએ કે, હું કેવા કુલમાં ઉત્પન્ન થયો છું. એટલે મારૂં કુલ કેવું છે ? મનુષ્ય જાતિમાં કુલનું બંધારણ ગુણ કર્મને અનુસરીને કરવામાં આવેલું છે. એટલે ગુણ અને કર્મ પ્રમાણે કુલની સ્થાપના થાય છે. પરંપરાથી ચાલ્યા આવતા એ ગુણ અને કર્મથી જે સંસ્કારો બંધાય છે. તે સંસ્કારો સુરક્ષિત રહે તેમ વર્ત્તવું, એ કુલ ધર્મ સાચવ્યો ગણાય છે. દાખલા તરીકે જેથી શ્રાવકત્વ સચવાય, એવી રીતે વર્ત્તનારૂં કુલ શ્રાવક કુલ ગણાય છે. તે શ્રાવક કુલને વિષે જેનો જન્મ થયો હોય તે શ્રાવક કુલનો ગણાય છે. શ્રાવક કુલમાં જન્મેલા મનુષ્યે પોતાના કુલનો વિચાર કરવો જોઇએ તે વિચારમાં તેના હૃદયમાં ચાર પ્રશ્નો ઉત્પન્ન થવા જોઇએ. શ્રાવક કુલમાં જન્મેલાનું હિત શામાં છે ? શ્રાવક કુલનું કુલત્વ શું છે ? તેના અસ્તિત્વનો ઉદ્દેશ શો છે ? અને તે શ્રાવક કુલનું ફલ શું છે ? આ ચારે પ્રશ્નો ઘણે ભાગે એકજ અર્થવાળા છે, પણ એ અથવા એવા કોઇ પ્રશ્નનો ઉત્તર આપ્યા વિના શ્રાવક કુલનું હિત શું છે તે સમજાય એમ નથી. ધન, વૈભવ, અધિકાર, પદવી, પુત્ર, સ્ત્રી આદિ અનેક વિષયોમાં મનુષ્યોને પોતપોતાની કુલપ્રકૃતિ અને સ્થિતિ અનુસાર હિત લાગે છે, પણ તે તેનું ખરૂં હિત છે કે નહીં એનો વિચાર આવશ્યક છે. શ્રાવકકુલના સંસ્કારો કેવા હોવા જોઇએ ? એ પ્રશ્નનો વિચાર કરતાં સુજ્ઞ હૃદયવાળા પુરૂષને માલમ પડશે કે, શ્રાવક કુલના સંસ્કારો ઉચ્ચ હોવા જોઇએ. જે કુલમાં રાગ દ્વેષ, તથા કલહાદિ વિસ્તારી દુઃખ પરંપરાનો વર્ષાદ હોતો નથી, જેમાં અસહન શીલ, સ્વાર્થ તત્પરતા, પરાર્થનો વિદ્રેષ અને કુસંપના બીજનું પોષણ હોતું નથી. તેજ શ્રાવક કુલ કહેવાય છે. શ્રાવક કુલનું સ્વરૂપ જૈન ધર્મના તત્વો પ્રમાણે વર્ત્તનારૂં, આર્યત્વના સદ્ગુણોને ધારણ કરનારૂં અને નિરંતર દયાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાને ભાવનારૂં છે. તેની અંદર દુર્ગુણોને અવકાશ મળતો નથી, તેમાં સારાસારનો વિવેક પ્રગટે છે અને તે કુલમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિના રૂધિરમાં અને નસેનસમાં પરોપકાર વૃત્તિના પ્રવાહો વહ્યા કરે છે. અને તેમાંથી દયાના અંકુરો ફુટ્યા કરે છે. તેવા શુદ્ધ કુલમાં જન્મેલો શ્રાવક દેશકાલથી અબાધિત રહી પોતાનો કુલ ધર્મ પામે છે. શુદ્ધ શ્રાવકનો બાળ ગમે તે દેશમાં જાય અથવા ગમે તેવા જમાનામાં આવે તો પણ તેના હૃદયના ઉંડા પ્રદેશમાંથી શ્રાવકકુલના સંસ્કારો વિલુપ્ત થતાં નથી. તેના જીવનની પૂર્ણતા અને તેના અસ્તિત્વની સફલતા પરંપરાના કુલ ધર્મના પાલનમાં જ થાય છે.

હવે શ્રાવકનું કુલત્વ શામાં છે ? એ નિર્ણય શ્રાવક પ્રજાને તેના ધર્મના પ્રાચીન ઇતિહાસમાંથીજ મળેલો છે અને મળે છે, એટલે અર્વાચીન પ્રસંગે તે પ્રજાના સ્ખલનોને-દોષોને એ ઇતિહાસના અજવાળા વિના આપણે સુધારી શકવાના નથી. આપણી અંદરની વ્યવસ્થામાં પણ જ્ઞાતિ, ધર્મ, વ્યવહાર, આચાર, વિચાર, નીતિ, આદિમાં ઘણે ઠેકાણે અતિ અનિષ્ટ એવા ફેરફારો થઈ ગયેલા છે. પરંતુ એ ફેરફારો જમાનાના બાહ્ય સંસર્ગોને લઇને ઉદ્ભવેલા છે. તે ફેરફારોમાં જે ધર્મ અને શ્રાવકત્વને હાનિકારક હોય તેમને ત્યજી દેવા અને જે ધર્મ અને શ્રાવક કુલને અનુકૂલ હોઈ ઇષ્ટ હોય તે ગ્રહણ કરવા.

આ પ્રમાણે શ્રાવક કુલમાં મહત્તા રહેલી છે, તે મહત્તાનો વિચાર કરવા માટેજ શ્રાવકની ત્રીજી કરણીમાં કુલનું અવલોકન કરવાને ઉપદેશ્યું છે. ભગવાન્ તીર્થંકરોએ કુલની મહત્તા સ્વીકારી છે અને તેને માટે સાવધાની રાખવા ઉપદેશ આપ્યો છે. તેમનો એ હેતુ ઘણોજ ગંભીર છે, જેઓ પોતાના કુલનો વિચાર કરતાં નથી, તેઓ અનુક્રમે પતિત દશામાં આવી જાય છે. કુલભ્રષ્ટ થયેલા ધર્મ, આચાર અને વિચારથી પણ ભ્રષ્ટ થઈ જાય છે. કુલના સંસ્કારો એટલા બધા બલવાન છે કે, તેઓથી ઘડાએલી ભાવના યાવજ્જીવિત ટકે છે અને તેથી શ્રાવક જીવનનું પરમ પુરૂષાર્થરૂપ જે સાર્થક તે હસ્તગત થયા વિના રહેતું નથી. માટે દરેક શ્રાવકે 'મારૂં કયું કુલ છે' એ વિચાર સતત કરવાનો છે. અને તેથીજ મહાત્માઓએ તેને કરણી રૂપે પ્રરૂપ્યો છે.

## કરણી ૪ થી.

### " के पुनर्गुणाः " " મારામાં કેવા ગુણો છે ? "

જ્યારે માણસ આત્માનું અને સ્થિતિનું અવલોકન કરી કુલનો વિચાર કરે છે, તે વખતે તેના હૃદયમાં ગુણોનો વિચાર થવો જોઇએ. " હું શ્રાવક છું " મારી સ્થિતિ આવી છે અને મારૂં કુલ શ્રાવકનું છે, તો હવે મારામાં કેવા ગુણો છે ? "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ વાત શ્રાવકે વિચારવી જોઇએ; કારણ કે, પ્રત્યેક મનુષ્યને આ સંસારમાં ગુણી બનવાની જરૂર છે. આલોક તથા પરલોકની ઇષ્ટસિદ્ધિ ગુણોને લઇનેજ થાય છે. એક અનુભવી વિદ્વાન્ લખે છે કે—" મનુષ્યત્વનું તત્ત્વ ગુણ છે. ગુણ મનુષ્યને ઉચ્ચ કોટીમાં લઇ જાય છે. માનવ જાતિની મહત્તા ગુણને લઇને જ છે. ગુણ ન હોય તો મનુષ્યત્વ અને પશુત્વમાં ફેર નથી."

ગુણ મર્યાદા વગરની વસ્તુ છે, આટલા જ ગુણ હોય, એવી મર્યાદા બાંધી શકાતી નથી. તથાપિ મુખ્યત્વે કરીને પાંચ ગુણો ગણેલા છે. એ પાંચ ગુણોની અંદર માનવપણાના સર્વ ગુણોનો સમાવેશ થઇ જાય છે. ૧ **જ્ઞાન, ૨ સદ્વર્ત્તન, ૩ સતત ઉત્સાહ, ૪ જીવનનો ઉપયોગ કરવાની તીવ્ર ઇચ્છા અને ૫ વિનય.** આ પાંચ ગુણો પ્રત્યેક મનુષ્યે અવશ્ય મેળવવા જોઇએ. તેને માટે એક વિદ્વાન્ નીચે પ્રમાણે લખે છે—

ज्ञानं सद्वर्त्तनं नित्यमुत्साह उपयोगिता ।
विनयः सद्गुणा एते पंच धार्याः सुमानवैः ॥ १ ॥

" જ્ઞાન, સદ્વર્ત્તન, ઉત્સાહ, જીવનનો ઉપયોગ કરવાની ઇચ્છા અને વિનય–આ પાંચ ગુણો ઉત્તમ મનુષ્યોએ ધારણ કરવા." ૧

જ્ઞાન–એ માનવ જીવનની સર્વ પ્રકારની ઉન્નતિનું બીજ છે. તેમજ બીજા ગુણોને મેળવવાનું પ્રધાન સાધન છે. મનુષ્યત્વનું સ્વરૂપ ભાવનામાં છે. અને ભાવનાઓની જાગ્રતિ જ્ઞાનને લઇને થાય છે. ઉચ્ચમાં ઉચ્ચ ભાવનાનો સાક્ષાત્કાર જ્ઞાનથી જ થાય છે. મનુષ્યના ધર્મ અને વ્યવહાર માત્રનું જીવન જે ભાવના કહેવાય છે, તે ભાવના જ્ઞાનને આધીન હોવાથી સર્વ ગુણોમાં જ્ઞાનને પ્રધાન પદ ગણેલું છે; તેથી પ્રત્યેક મનુષ્યને જ્ઞાનગુણ સંપાદન કરવાની જરૂર છે. જ્ઞાનગુણ શિવાય મનુષ્યત્વની સિદ્ધિ જ થતી નથી.

મનુષ્યને જેવો જ્ઞાનગુણ ગ્રહણ કરવો આવશ્યક છે. તેવો બીજો ગુણ સદ્વર્ત્તનનો પણ ગ્રહણ કરવો આવશ્યક છે. સદ્વર્ત્તન એ જ્ઞાનનું પરિણામ છે. તેથી તેની ગણના જ્ઞાનની પછી કરવામાં આવી છે. કોઇવાર જ્ઞાન છતાં પણ સદ્વર્ત્તનની ખામી જોવામાં આવે છે. તે અપવાદ રૂપે છે. પ્રાયઃ જ્ઞાન હોય ત્યાં સદ્વર્ત્તન સ્વતઃ પ્રાપ્ત થાય છે. અને જો સદ્વર્ત્તનનો અભાવ હોય તો તે જ્ઞાનનું સંપાદન નિષ્ફલ થઇ જાય છે. અથવા જ્યાં સુધી સદ્વર્ત્તન પ્રાપ્ત થયું ન હોય ત્યાં સુધી જ્ઞાન પ્રાપ્ત થયું નથી; એમ સમજવું. કેટલા એક સાક્ષર છતાં સદ્વર્ત્તન રહિત દેખાય છે. તેનું કારણ તેનામાં જ્ઞાનની અપૂર્ણતા સમજવી. જ્યાં જ્ઞાનની પૂર્ણતા પ્રકાશે છે, ત્યાં સદ્વર્ત્તનની શીતળ છાયા સાથેજ રહેલી દેખાય છે; એવા સદ્વર્ત્તનનો ગુણ મેળવવા માટે પ્રત્યેક મનુષ્યે પ્રયત્ન કરવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્‌વર્ત્તન પછીનો ત્રીજો ગુણ ઉત્સાહ છે. જ્ઞાન, અને સદ્‌વર્ત્તન—એ ઉભયગુણો વિકાશી રહ્યા હોય પણ જો ઉત્સાહગુણ ન હોય તો તે ઉભયગુણ પૂર્ણ પ્રભાવી થઇ શકતા નથી. ઉત્સાહ ગુણનો પ્રભાવ ઉચ્ચ પ્રકારનો કહેવાય છે. એ ગુણની અંદર વિકાશ શક્તિ રહેલી છે. ઉત્સાહના યોગથી મનુષ્યમાં રહેલા સર્વ ગુણો વિકાશ પામે છે. દુ:સાધ્યને સાધ્ય કરવામાં અને દુર્લભને સુલભ કરવામાં ઉત્સાહ ગુણની પૂર્ણ આવશ્યકતા છે. તેને માટે એક સાહિત્ય વેત્તા આ પ્રમાણે લખે છે—" જ્યારે મનુષ્યની સદ્‌ગુણરૂપી પુષ્પ વાટિકામાં ઉત્સાહ રૂપ મેઘનું સિંચન થાય છે, ત્યારે તે વાટિકા નવપલ્લવિત થઈ હૃદયને આનંદ દાયક થાય છે. જો ઉત્સાહ રૂપ મેઘનું સિંચન નહીં થાય તો એ સદ્‌ગુણરૂપ પુષ્પવાટિકા સુકાઈ જાય છે." આ ઉપરથી સિદ્ધ થાય છે કે, ઉત્સાહ ગુણ માનવ જીવનમાં અત્યંત આદરણીય છે.

જ્યારે મનુષ્ય જ્ઞાન, સદ્વર્ત્તન, અને ઉત્સાહથી યુક્ત હોય પણ તેના હૃદયમાં પોતાના મનુષ્ય જીવનનો ઉપયોગ કરવાની તીવ્ર ઇચ્છા ન હોય તો તે ગુણો વિશેષ ઉપયોગી થતાં નથી. આ સંસારમાં માનવ જીવનનો દુર્લભ લાભ શા માટે મળ્યો છે? તેનો સદુપયોગ કરવો જોઇએ. માનવ જીવનનો ઉપયોગ કરવાના બે માર્ગો છે. એક બાહ્ય માર્ગ અને બીજો આંતર માર્ગ. શરીર વગેરેની બાહ્ય ક્રિયાથી બીજાને ઉપયોગી થવું, એ બાહ્ય માર્ગ કહેવાય છે અને જ્ઞાન દ્વારા ઉપદેશ વગેરેથી બીજાને ઉપયોગી થવું, એ આંતર માર્ગ કહેવાય છે. આ ઉભયમાર્ગથી માનવ જીવનનો સદુપયોગ કરવાની અંતરમાં તીવ્ર અભિલાષા રાખવી એ ચોથો મહાન ગુણ છે. પ્રત્યેક મનુષ્યે એ ગુણ અવશ્ય ધારણ કરવો જોઇએ.

મનુષ્ય જ્ઞાની હોય, સદ્‌વર્ત્તનથી સુશોભિત હોય, સદા ઉત્સાહી હોય, અને જીવનનો ઉપયોગ કરવાની ઇચ્છાવાળો હોય, પણ જો તેનામાં વિનય ન હોય તો તે ચારે ગુણો નિરૂપયોગી થઈ પડે છે; તેથી દરેક મનુષ્યે વિનય ગુણને ધારણ કરવો જોઈએ. વિનય ગુણ એ બીજા સર્વ ગુણોનો અલંકાર છે. તે ઉત્તમ ગુણને માટે ભગવાન તીર્થંકરોએ આગમમાં પ્રત્યેક સ્થળે તેની પ્રશંસા કરેલી છે. અને આખા જૈન ધર્મને વિનય પ્રધાન ધર્મ કહેલો છે; તેથી સર્વ સદ્‌ગુણોનો વિકાશ કરનારો વિનય ગુણ પ્રત્યેક મનુષ્યે અંગીકાર કરવો જોઇએ.

આ પાંચ ગુણો સર્વ સદ્‌ગુણોમાં પ્રધાન છે, તે ગુણોમાંથી પોતાનામાં ક્યો ગુણ છે, તે વિષે શ્રાવકના પ્રત્યેક સંતાને વિચાર કરવાનો છે. અને તે વિચાર કરવો તેજ શ્રાવકની ચોથી કરણી છે. પ્રત્યેક શ્રાવકે પ્રતિદિન પોતાના ગુણનું અવલોકન કરવાનું છે. પોતાનામાં કયા ગુણોએ વાસ કરેલો છે? એ વિચારવાનું છે. શ્રાવકના સંતાને ગુણોનોજ યોગક્ષેમ કરવાનો છે. જે ઉત્તમ ગુણો પોતાનામાં ન હોય, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોનો યોગ કરવો એ યોગ કહેવાય છે. અને જે ગુણો પોતાનામાં હોય તેનું રક્ષણ કરવું, એ ક્ષેમ કહેવાય છે. એ પ્રમાણે ગુણોનો યોગ ક્ષેમ કરવાથી શ્રાવક તેના શ્રેય માર્ગમાં આગળ વધી શકે છે.

જે મનુષ્ય ગુણથી યુક્ત છે, તે મનુષ્યજ પુણ્યનો પાત્ર બની શકે છે. ઉચ્ચ આશયવાળા વિદ્વાનો મનુષ્યનું પ્રધાન લક્ષણ ગુણજ બતાવે છે. જેનામાં ગુણ હોય તેજ મનુષ્ય કહેવાય છે. મનુષ્યત્વ આકૃતિ કે સ્વરૂપમાં રહેલું નથી, પણ ગુણમાં રહેલું છે. જો ગુણ ન હોય તો તિર્યંચપણું અને મનુષ્યપણું સમાનજ ગણાય છે.

આગળ જે પાંચ ગુણો કહેવામાં આવ્યા, તેવા ગુણોમાંજ હૃદયની વિશાળતા દેખાય છે. એ શિવાય સત્ય, ન્યાય, દયા, પ્રેમ આદિ સર્વ શુભ ભાવનાઓથી ભરપુર એવા બીજા ગુણો લેવાના છે, જે ગુણો મનુષ્યપ્રાણી શિવાય બીજામાં આવી શકતાજ નથી.

પ્રત્યેક શ્રાવકની ચોથી કરણીમાં એવા ગુણોનોજ વિચાર કરવો કહેલો છે. અને યોગ ક્ષેમ પણ એવા ગુણોનુંજ કરવાનું કહેલું છે. ધર્મની આવશ્યકતા દર્શાવવા અનેક કારણો કહેવામાં આવે છે, તેમાં ગુણ એ મુખ્ય કારણ છે. જીવનમાં શકિત અને સુખ સર્વદા દૃષ્ટિ આગળ રાખનાર ગુણજ છે. ગુણને લીધેજ મનુષ્ય શુભ ભાવનાઓનો ભાજન બને છે. આ જગતમાં જે અસાધ્ય અને અશકય કહેવાય છે, તે ગુણના પ્રભાવથીજ સાધ્ય અને શકય થાય છે. ભારત વર્ષ ઉપર જે મહાત્માઓ અને મહાવીરો અચળ કીર્ત્તિ રાખી ગયા છે, તે ગુણનો જ પ્રભાવ હતો. આર્ય પ્રજા પ્રાચીન કાળથી ગુણાનુરાગી થતી આવી છે. ગુણના અનુરાગથીજ ભારતવર્ષની જ્ઞાન કળા પ્રશંસનીય કહેવાણી છે ગુણનો પક્ષપાત કરનારી અને ગુણના ગૌરવને માન આપનારીજ જૈન પ્રજા સર્વ ધર્મોમાં અગ્રણી બની હતી અને બને છે. જૈન ઇતિહાસમાં સ્થળે સ્થળે ગુણોનું કીર્ત્તન થતું જોવામાં આવે છે.

એવા ગુણોને સંપાદન કરવા માટે પ્રત્યેક શ્રાવકે સદા તત્પર રહેવાનું છે. અને વારંવાર પોતાના આત્મ સ્વરૂપમાં ગુણોનું આધાન કરવાને તન, મન અને ધનથી પ્રયત્ન કરવાનો છે. તેથી જ પ્રત્યેક શ્રાવક પોતાનામાં કયા ગુણો છે ? તેનો નિમર્શ કરવાને બંધાએલો છે; તેજ હેતુથી આ ચોથી કરણીની પ્રરૂપણા કરવામાં આવી છે. ( ચાલુ )

V.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આધુનિક ઇતિહાસ પ્રતિ બેદરકારી.

( લેખક છોટાલાલ મગનલાલ–શાહ–ઝુલાસણ. )

થોડાક સમયથી જૈનસમાજમાં પણ પુરાતત્ત્વોનું સંશોધન થવા લાગ્યું છે. દિન પ્રતિદિન વિવિધ સાધનો પ્રકાશમાં આવવા લાગ્યાં છે. આ સાધનો ઇતિહાસની ઇમારતનાં અપૂર્ણ સાધનો છે. જ્યારે કોઈ ચકોર, નિષ્પક્ષપાતી, ખંતીલો, પ્રતિભાસંપન્ન, સદાગ્રહી અને વિચારવાન જન્મ પામશે, ત્યારેજ ત્હેની સત્ય શાસ્ત્રીય અને સુદૃઢ ઇતિહાસની ઇમારત ચણાશે. અધુના આપણને જે સાહિત્ય પ્રાપ્ત થાય ત્હેને યથાસાધ્ય સંશોધન કરી કર્તવ્યપરાયણ થઇએ. અત્રે કોઇ ઐતિહાસિક તત્ત્વનું અન્વેષણ નથી પરંતુ પ્રાચીન ઇતિહાસ સંશોધન કરવા જતાં આપણે સાંપ્રતસમયના ઇતિહાસ પ્રતિ દર્શાવતા બેદરકારી વિષે કંઇક સૂચના કરીશ.

સાંપ્રતસમય પણ અમુક સમયે ભૂતકાળ ગણાશે, તે સમયની પ્રજા પૂર્વજોના ઇતિહાસ–દર્શનની આશા રાખશે અને આશા પુર્ણ કરવાને સાહિત્ય પ્રતિ દૃષ્ટિ ફેંકશે, તે સમયે આપણું આ આધુનીક સાહિત્ય ત્હેમની આશાને શું સંતોષી શકશે ? કોઈ કોઇ આધુનિક સાક્ષર ત્હેનો હકારમાં ઉત્તર આપી શકશે ? નહિંજ, જ્યારે સંતોષ–જનક પ્રત્યુત્તર ન આપી શકે, પ્રજાની આશા ન સંતોષી શકે, નિઃશ્વાસ વર્ષાવતી નિરાશાથી પાછી ફરે ત્યારે તે આપણા વિષે શું ધારે ? પછી શું આપણા વિષે એમ ન ધારે, કે આપણાં પૂર્વજો પ્રમાદી, એકદૃષ્ટિ બિંદુવાળા, રસ–હિન, અને સાહિત્યોદ્યાન ખીલવવામાં અશક્તિમાન હોવા જોઇએ.

ઉક્તાનુસાર કલ્પના જરૂર તેઓ કરી શકે. કારણ દેશમાં શાંત વાતાવરણ હોય, જ્ઞાન પ્રસરાવવાના અનેક સાધનો હોય, સાહિત્ય–વાટિકા ખીલી શકે તેવા અનુકુળ સંયોગો હોય, છતાં જ્યારે વારસામાં ભવિષ્યની પ્રજાને સારૂ યોગ્ય ઇતિહાસ સાહિત્યમાં ન મૂકી જઇએ, ત્યારે તેઓ તેમ કલ્પના કરે તો શું ખોટું ? વળી અન્ય પ્રાન્ત, અન્ય ભાષા અને અન્ય કોમના સાહિત્યમાં ઇતિહાસનાં તત્ત્વોને યથાસ્થિત પરિશીલન કરી મૂકી ગયેલાં નિહાળે અને આપણા ઇતિહાસમાં અપૂર્ણતા નિહાળે ત્યારે તેઓ ઉક્ત પ્રમાણે કલ્પના બાંધે ત્હેમાં ખોટું શું ?

ઉપર પ્રથમ દર્શાવ્યા પ્રમાણે હાલમાં કેટલાક સાહિત્ય પ્રેમીઓ, સ્વધર્માભિમાનીઓ ઇતિહાસનાં–છુટાછવાયાં પુસ્તકો પ્રયોજી બ્હાર પાડેલ છે, પરંતુ ત્હેની સાથે આપણે સંગ્રહી રાખવા યોગ્ય ઇતિહાસ–તત્ત્વો પ્રતિ બેદરકારી દર્શાવીએ છીએ, અમૂલ્ય પ્રસંગોને નિર્માલ્ય માની લઇ વિસ્મૃતિ પંથમાં છોડી દઇએ છીએ, અને કાલાંતરે તે પ્રસંગો વિસ્મૃત થઇ સદાને માટે ચાલ્યા જાય છે. જે પ્રસંગોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિંમત આપણે આંકી શકતા નથી, તેજ પ્રસંગોની શોધ ખોળ કરવાની ફરજ ભવિષ્યની પ્રજાને પડશે.

આપણા સમાજના દરેક અંગો–સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, કાવ્ય, ગિત અને અનેકવિધ સાહિત્યમાં કેટલી કેટલી ત્રુટિઓ છે, એમ કયો સુજ્ઞ પુરૂષ નથી જાણીતો. તેમ છતાં પણ દર શતાબ્દિએ જે કોઇ મહત્ત્વના પ્રસંગો ઉદ્ભવ પામતા હોય, તે જો કે સંખ્યામાં અલ્પ હોય; પરંતુ ત્હેની પ્રતિ ઉપેક્ષા દર્શાવ્યા વિના પૂર્ણ પ્રેમથી યોગ્ય સાધનદ્વારા સંગ્રહી રાખવામાં આવશે તો સમાજનું મુખ કંઇ ઉજ્જવળ રહેશે. નહિતર અપૂર્ણાંગી રહેશે અને ભવિષ્યની પ્રજાને ગ્લાનિ ઉપજાવનાર નિવડશે.

હાલમાં આપણે જેમ પૂર્વાચાર્યોનાં ગ્રંથોદ્વારા, અનુપમ કાર્યદ્વારા, શ્રાવકોની વીરતાદ્વારા, અવર્ણનીય નિઃસ્વાર્થદ્વારા આપણાં મુખારવિંદ ઉજ્જવળ દેખાય છે, પરંતુ પુર્વના ઇતિહાસ વાંચી, મનન કરી ત્હેને જો વર્તનમાં મૂકીએ અને ભવિષ્યની પ્રજાને દ્રષ્ટાંતરૂપ મૂકી જઇએ તોજ સાર્થક ગણાય. પૂર્વજોનાં દ્રષ્ટાંતો કહેવા માટે નહિ પણ આપણને અનુકરણ કરવા માટેજ ઉપયોગી છે અને ઇતિહાસનું મહત્ત્વ પણ ત્હેમાંજ છે કે પૂર્વ–ઇતિહાસની વાટાઘાટ કરી ઉન્નતિદર્શક પ્રસંગો નજર આગળ ખડા કરી જીવનને તદનુસાર ખીલવવું.

ઇતિહાસ તત્ત્વોના પ્રકાશિત થયેલ ગ્રંથો ઉપરથી જણાય છે કે સૈકાઓ વર્ષ ઉપરના સાધુઓનો, શ્રાવકોનો અને કેટલાક પ્રસંગોનો ઇતિહાસ હસ્તલિખિત ગ્રંથોમાં સચવાયેલ ઉપલબ્ધ થાય છે. પરંતુ ત્યારપછીના દશકાઓની હકીકતો આપણને સ્પષ્ટસ્વરૂપમાં પ્રાપ્ત થઇ શકતી નથી. જેમ જેમ દેશમાં છાપખાનાનો યુગ વિસ્તીર્ણ થતો ગયો, તેમ તેમ માસિકો, વર્તમાન પત્રો વિવિધ રૂપમાં જન્મ પામતાં ગયાં, વળી તે સાથે તંત્રીઓ વિગેરે એમ જણાવવા લાગ્યા કે અમે સેવા કરીએ છીએ, જૈનસમાજની ઉન્નતિ કરીએ છીએ, પણ જો સુજ્ઞ માનવ સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચારશે તો જણાશે કે તે સર્વ મિથ્યા પ્રલાપ વિના કંઇ નથી, કારણ જૈનોની દ્રષ્ટિ અર્થપ્રાધાન્ય નિવડી ત્હેની સાથે નિઃસ્વાર્થી સેવા કરનારાઓની સંખ્યા ઘટી. એટલે વિદ્વાનોની સંખ્યા ઘટે તેમાં શું આશ્ચર્ય! વળી વર્ત્તમાન છાપખાનાના જમાનામાં કાગળ રદ્દી, શાહી કમ આયુષ્યવાળી એટલે ત્હેમાં આળેખાયેલ ઇતિહાસ–તત્ત્વો ટુંક મુદતમાં કરાળ કાળનાં ગ્રાસ બને છે. આધુનિક ઇતિહાસનું દિગ્દર્શન માસિકમાં અલ્પાંશ આવે છે, પણ માસિકોનું આયુષ્ય કેટલું? આપણા માસિકોના તંત્રીઓનું લક્ષ્ય તે તરફ બરાબર ગયું નથી. કર્મવીર, સાહિત્ય–સેવક વિગેરેના ચરિત્રો પ્રાપ્ત કરી ઉત્તેજીત વાકયોમાં આળેખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજને આકર્ષવાનું અદ્યાપી આવડયું નથી, આ માટે 'વીસમી સદી' નામના માસિકના અંકો વાંચવાથી જણાશે કે તે કેવી રીતે આધુનિક નિઃસ્વાર્થી સેવકોના ચારિત્રો રંગેલી પીંછીથી ચીતરી પ્રોત્સાહક ભાષામાં આળેખી પ્રજાને આકર્ષતું અને સમાજ-સેવકને પ્રોત્સાહન રેડતું અને તેથી ગુજરાતમાં અનેક લેખકો પ્રકાશી નીકળ્યા હતા. આવીજ રીતે આપણા સમાજમાં અલ્પ સંખ્યામાં નિઃસ્વાર્થી વિદ્વાન સેવકો જન્મી પોતાનું જીવન સમાજના કલ્યાણમાં વ્યતીત કરી પોતાની ફરજ બજાવી કૃત કૃત્ય થઇ વિદાય થાય, પરંતુ આપણે આપણું કર્ત્તવ્ય ભૂલી જઇએ છીએ. કારણ હેમનું નહિ સ્મારક કે નહિ ચરિત્ર ગ્રંથ, ફકત પ્રજામાં થોડાં વર્ષો હેમનું જીવન મૂર્તિમંત રહી પછી વિલુપ્ત થાય છે એમ આપણે આપણાં ઐતિહાસનાં અંગો ખંડિત રાખીએ છીએ, એટલે ટુંકમાં એજ કે જેમ અધુના આપણે પૂર્વજોના ઐતિહાસ માટે પૂર્વજોના દોષ કલ્પીએ છીએ હેમ ભવિષ્યની પ્રજા આપણામાં દોષારોપ કેમ નહિ કરે ?

આધુનિક કેટલાક ઐતિહાસિક મહાન પુરૂષોનાં ચરિત્રો આપણે આપણી બેદરકારીથી ગુમાવી રહ્યા છીએ તે તપાસીએ.

જે અધ્યાત્મના ગ્રંથો સમાજમાં અધ્યાત્મ પ્રગટાવતા નથી, જે મોટા સંસ્કૃત ગ્રંથો-ભાષાંતરો વાંચતાં કંટાળી જાય છે યા સમજણ નહિં પડવાથી નિરાશ બને છે, તેજ અધ્યાત્મના વિષયને સાદી, સરલ, લાલિત્યમય ભાષામાં--પદ રૂપમાં ગુંથી જૈન તેમજ જૈનેતર પ્રજાને આકર્ષનાર એવા ચિદાનંદજી વિષે આપણે શું જાણીએ છીએ ? ટુંક સમયમાં થયા છતાં આપણે હેમની અનેક બાબતોથી અજ્ઞાત રહીએ એ આપણી કેટલી બેદરકારી સૂચવે છે? આવાજ મહાનુભાવોનાં ચરિત્રો સમાજમાં નિઃસ્વાર્થ ભાવ પ્રેરાવે છે, ઉદારતાને પ્રસરાવે છે અને જીવન રસમય બનાવે છે, જૈનેતર પ્રજાના ભક્તોએ બનાવેલ ભજનો સાંભળી કોનું મન નથી આકર્ષાતું ? અને જ્યારે આવો સરલ ભાષામાં અમૂલ્ય સદુપદેશ ઝરતાં ભજનો સાંભળે છે અને પછી જૈન સમાજમાં તેવાં ભજનો પ્રાપ્ત કરવા દૃષ્ટિ ફેંકે છે, પણ ત્યાં કયાંથી પ્રાપ્ત થાય ? પણ આપણા સદ્ભાગ્યે શ્રી આનંદઘનજી અને ચિદાનંદજી મહારાજનાં પદો વાંચતાં ધન્યવાદના શબ્દો મુખારવિંદથી વર્ષાવી આનંદ પામે છે, તેવા અધ્યાત્મ યોગીનું જીવન કયાં છે ? હજુ જો પ્રાપ્ત થતો અવશેષ ભાગ સંગ્રહ કરી સમાજ સન્મુખ રજુ કરવામાં આવશે તો અમૂલ્ય ચેતન પ્રગટાવશે અને જૈનેતર સન્મુખ દૃષ્ટાંત ધરવા થશે.

ઉક્ત અધ્યાત્મ યોગી પછી કર્મ-વીર ન્યાયાંભોનિધિ આત્મારામજી મહારાજ ઉપર દૃષ્ટિ કરે છે, આ કર્મ-યોગીએ જૈન સમાજમાં બજાવેલ કાર્ય કોનાથી અજાણ્યું છે. જેનું ચરિત્ર આધુનિક દૃષ્ટિએ પ્રજા સન્મુખ રજુ કરવામાં આવે તો આધુનિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવ-યુવકોમાં કોઈ અનુપમ ચૈતન્ય-શક્તિ પ્રેરે તેમ છે. જેના મહાન્ વિદ્વાન શિષ્ય-પ્રશિષ્યો વિદ્યમાન છે, જેના નામથી ભારતવર્ષમાં મહાન ત્રણ પુસ્તક પ્રચારક સંસ્થાઓ વિદ્યમાન છે; પરંતુ ઉક્ત મહારાજશ્રીનું જોઇએ તેવી રીતે ચારિત્ર નિરૂપણ કરી સમાજ સન્મુખ રજુ ન કરે તે કેટલી દીલગીરની વાત છે તો ઉક્ત સંસ્થાના સેક્રેટરીઓ આ બાબત જરૂર લક્ષ્ય આપશે, કોઈ સારા લેખકને પુરસ્કાર આપી સાહિત્ય-સામગ્રી પૂરી પાડી જરૂર પ્રકાશિત કરશે.

આ સિવાય રા. રા. સી. ડી. દલાલ, ડાહ્યાભાઇ ધોળશાજી વીગેરે સાહિત્ય-સેવકો, કેટલાક શ્રીમંતો વીગેરેનાં ટુંકમાં ચરિત્ર નિરૂપણ કરી ગ્રંથ બહાર પાડવા જોઈએ. ઉક્ત સાહિત્ય-સેવકોની નોંધ જેવી જૈનેતર પ્રજાએ લીધી છે તેવી હજુ સુધી આપણે લીધી નથી, એ કેટલી શરમાવાની વાત છે.

સમયના અભાવે આટલેથી વિરમું છું. દિશા-સૂચન કરેલ છે, તેમાંથી જો કંઇ પણ કરવા કોઇ પ્રેરાશે તો થયેલ શ્રમ સફળ માનીશ.

# ઉચ્ચ ભાવના.

કોઈ મનુષ્યની સ્થિતિ હંમેશા સુખી કે દુ:ખી રહેતી નથી, તડકા છાંયાની જેમ હમેશાં ફેરફાર થયા કરે છે. સદ્ગુણ મેળવનારને એક વખત એવો આવે છે કે જ્યારે દૈવી દૃષ્ટિ ખુલ્લે છે અને તે વડે બધા કારણો સમજતો થવાથી સદ્ગુણના વિરૂદ્ધ વર્તતાં આપો આપ અટકે છે. તેની સામે ગમે તેવી લાલચો-પ્રલોભનોની સામે ઉભો રહી મનના ગમે તેવા આવેશોને તે માણસ રોકી શકે છે. કારણ કે તેનો અંતરાત્મા તેમાં સારૂં પરિણામ નથી તેમ સાફ જણાવે છે જેથી તે કરતો અટકી જાય છે. આવી રીતે આંતર દૃષ્ટિ ખુલવાથી હલકી વૃત્તિ, ઉડી જતાં સદ્વિચાર અને સત્ કૃત્ય ગ્રહણ કરે છે.

મનુષ્ય જીંદગીને એક ન્યાયી કાયદોજ દોરનાર છે, એમ જ્યાં સુધી મનુષ્ય સમજી શકતો નથી ત્યાં સુધી ગમે તેવો સદ્ગુણી માણસ તે હોય, છતાં તેની ઉચ્ચ ભાવના ટકતી નથી; કારણ કે સદ્ગુણમાં દૃઢ ન થયેલો હોવાથી વખતે લાલચ કે આવેશોથી દોરવાઇ જવાનો સંભવ છે.

કોઇ વખત એમપણ બને છે કે માણસ પોતે જાતથી બહુ સદ્ગુણી હોતો નથી, પણ કુટુંબ, મિત્ર અને બીજા એવા કેટલાક સંજોગમાં ફસાયેલો હોવાથી કેટલી વખત પરાણે સદ્ગુણીનો દેખાવ રાખવો પડે છે, કેટલીક વખત મોટા થવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાતર કે મોટા થવા પછી તે મોટાઇ સાચવી રાખવા ખાતર તેમ કરવું પડે છે, પરંતુ તેવું કાયમ ચાલી શકતું નથી. અંતર્દષ્ટિ ખુલેલ ન હોવાથી, ઉચ્ચ ભાવના, વિચાર અને વર્તનના અભાવે અને પ્રકૃતિમાં પણ તે ન હોવાથી કુદરતી સંજોગ આવતા તે ખુલ્લું પડી જાય છે, અને તેવા મનુષ્યો સુખી પણ છેવટે થઇ કે રહી શકતા નથી. તેટલુંજ નહીં પરંતુ તક મળે જ્યારે તે તેનું પોતાનું ખરૂં રૂપ પ્રકાશે છે, ત્યારે ડોળઘાલુ છે એમ દુનીયાની દૃષ્ટિમાં આવે છે.

વળી કેટલાક મનુષ્યો તેથી ઉલટું પોતે સદ્દગુણી હોય છે, પણ સંજોગો અને નબળા મિત્રો વગેરેની સોબતમાં તે ખરો સદ્દગુણી છે કે દુર્ગુણી તે પણ ચોક્કસ જણાતું નથી; પરંતુ તે મનુષ્યને આડે રસ્તે દોરનારી લાલચ આવે તે વખતે તેવા સંયોગ કે મિત્રો વગેરેથી દૂર થઇ તેવી લાલચમાં ફસાતો નથી, ત્યારેજ તે સદ્દગુણી છે એમ દુનીયા જાણી શકે છે.

જ્યારે મનુષ્યની અંતર્દષ્ટિ નિર્મળ, સ્વચ્છ સદ્દગુણને પારખી અંતરાત્માને તેનેજ વળગવા તરફ દોરવા જેવી પાકી થાય છે, ત્યારે તે માણસની ભાવના ઉંચી થતાં તેનું વર્તન આદર્શ રૂપ અને બીજાને અનુકરણ કરવા લાયક બને છે. આવો મનુષ્ય કોઇ પણ સંયોગમાં કે કાર્યમાં બીજાને નુકશાન થાય તેવા કાર્ય કરતો નથી. પરંતુ વિચાર પણ લાવી શકતો નથી. સર્વ તરફ પ્રેમવાળી દૃષ્ટિ આવા પુરૂષની થઇ જવાથી પ્રેમની સાથે દયા પણ આવી રહે છે. જૈન શાસ્ત્રકાર ચાર ભાવના જે કહે છે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ તે આવા પુરૂષનેજ પ્રાપ્ત થયેલી હોય છે. પ્રમોદ પ્રેમથી અને કરૂણા દયાથીજ ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે મહાત્મા ગાંધીને હિંદની પ્રજા પ્રત્યે પ્રેમ થયો અને અહિંસા ( દયા ) તેની સાથેજ હોવાથી અહિંસાનો ઉપદેશ મજબુત પણે આપ્યો તેથીજ તેવા મનુષ્યો પરગજુ બની જાય છે અને કહેવાય છે.

અંતર્દષ્ટિ ખુલવાથી ઉચ્ચ ભાવના અને ઉચ્ચવર્તન થાય છે. જેથી તેવા મનુષ્યને ભલાઇ તેના વર્તનમાં આમેજ થાય છે અને દૈવી સંપત્તિ વાળો થતાં સર્વ માન્ય-પૂજ્ય બને છે.

આવા માણસના વર્તનની બીજા ઉપર સારી અસર થાય છે અને તેવા પુરૂષનું અનુકરણ તેની પાછળ થાય છે. દરેક ધર્મના મહા પુરૂષો કે જેઓ તેટલા માટેજ આજ સુધી પૂજનીય-વંદનીય ગણાયા છે.

આવા મનુષ્યોને જેમ દુઃખનું સ્વપ્નું પણ હોતું નથી, તેમ લાલચો, લોભો આવેશો ફસાવી શકતા નથી અને નિરાશા દીલગીરી જો કોઇ વખત થાય તોપણ તે સુખમાં બદલાઇ જાય છે. પવિત્રતા અને આનંદ તેના સોબતી થાય છે અને આ જગત અને જીંદગી તેને દરેક સંયોગમાં સુખમય જ લાગે છે.

For Private And Personal Use Only

સુખ અને દુઃખ પુણ્ય અને પાપ પ્રકૃતિ ( કર્મ ) નો જ ઉદય છે અને એક આવવાથી આનંદ-જીવતર અને બીજાથી શોક, દીલગીરી, વલોપાત -મરણ જ્યારે મનુષ્ય માને છે-ઇચ્છે છે, ત્યારે આવો ઉચ્ચ ભાવનાવાળો, અંતરદૃષ્ટિ ખુલેલો સદ્‌ગુણી મનુષ્ય તે સર્વને સમાન લેખે છે, અને આ સુખ દુઃખના રંગીન પાટા ચિત્ર વિચિત્ર જીંદગીમાં પડેલા જાણી તે દરેક પ્રસંગે સમભાવ, ધૈર્યતા, શાંતતા, નહીં છોડતા પ્રેમમય, દયામય જીંદગી ઉચ્ચ ભાવના સાથે ગાળે છે અને સુખદુઃખ એક સરખી રીતે અનુભવે છે.

આ બધું થવા મનુષ્યે સંસ્કારી થવાની જરૂર છે. તેમ થતાં અંતર્દૃષ્ટિ નિર્મળ થતાં ઉચ્ચ ભાવનાને પોતાના વર્તનમાં દર ક્ષણે મુકતા શિખવું કે જેથી જીંદગી સુખમય થતાં પોતાનું જીવન સફળ થાય.

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**
ભાવનગર.

# *ઐતિહાસિક સ્વાધ્યાય.

## શ્રી વિજયરત્ન સૂરીશ્વર નિર્વાણ રૂપ સ્વાધ્યાય.

**( સંપાદક—છોટાલાલ મગનલાલ શાહ ઝુલાસણ. )**

પ્રણમી શ્રી શ્રુત દેવતા, નિજ ગુરૂ સમરી નામ.
ગચ્છપતિના ગુણ વરણવું, નિજ આતમ હિતકામ. ૧
પંચમ આરે પરગડો, સાચો સોહમ સ્વામિ,
શ્રીવિજૈરત્ન સૂરીસરૂ, ભવિઆસ્યા વિશ્રામ. ૨
ગુણ બહુલા ગચ્છપતિ તણા, કહતાં નાવે પાર,
અલ્પ બુદ્ધિથી વરણવું, સાંભળજો નરનાર. ૩

**( ઢાળ રસિયાની. )**

જંબુદ્વીપે ભરત સોહામણો, યોજન પાંચશે માનેહ. સોભાગી.
છવ્વીસ જોયણ છ કલા આગલો, માન કહ્યો જિન એહ. સો૦ જં૦ ૧

* પ્રસ્તુત આચાર્ય સંબંધી વિશેષ માહિતિ જીજ્ઞાસુઓને ઐતિહાસિક-સજ્ઝાયમાલા ભા. ૧ પા. ૨૧ માં આપેલ હકીકત વાંચવાથી મળી શકશે, જેથી અહિં પુનરાવર્તન કરવું ઉચિત ન જણાયું. પ્રસ્તુત સ્વાધ્યાય ભાવનગર નિવાસી શ્રીમાન્ પ્રેમચંદ રતનજીના હસ્તલિખિત પુસ્તક સંગ્રહમાંથી પ્રાપ્ત થયેલ જેથી તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માની કર્તવ્ય મુક્ત થાઉં છું. સંપાદક. )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશ બત્રીસ સહસ અતિ દીપતા, જિણમેં ગુર્જર દેશ. સો૦
તિહાં પ્રલ્હાદના પુરવર પરગડો, સકલ ગુણે સુવિશેસ, સો૦ જં૦ ૨
અધિપતિ ખાનકમાલ સદા સુખી, ન્યાય પાળે છે રાજ્ય સો૦
વરણ અઢાર વસે તિહાં, વિગતેસ્યું કરતા નિજ નિજ કાજ સો૦ જં૦ ૩
વંશ ઉકેશે વડ વ્યવહારીઓ, સા હીરો ગુણ ખાણ્ય, સો૦
સુકુલીણી હીરાદે સુંદરી, બોલે અમૃત વાણ્ય. સો૦ જં૦ ૪
રૂપ કલાયુત લક્ષણ ગુણ ભર્યા, સુંદર છે સુત ચ્યાર, સો૦
રૂપજી, નયણસી, ચિમલ, સહોદરી તિમ વલી જયતસી સાર. સો૦ જં૦ ૫
હીરાસાને કર્મોદયે કરી, મરણ થયો તતકાળ, સો૦
હીરાદે મનમેં અતિ દુઃખ ધરે, રૂદન કરે અસરાળ, સો૦ જં૦ ૬
મોભી[1] પુત્ર એ છે જે રૂપજી, નિર્વાહે ગૃહભાર, સો૦
કર્મવસેં તે પિણ રોગોદયે, મૃત્યુ લહે તિણી વાર. સો૦ જં૦ ૭
પતિ દુઃખ ઉપરે સુતનો દુઃખ થયો, હીરાદેને રે જામ, સો૦
તે સુધ બુધ ભરમન ચિંતવે, ધર્મ કરૂં હિતકામ. સો૦ જં૦ ૮
ઇમ મન ચિંતિયાત્રા કરણ ભણી, સુત ત્રણ્યે લેઇ સાથ, સો૦
હીરાદે આવ્યાં સિદ્ધાચલે, ભેટયા શ્રીજગનાથ. સો૦ જં૦ ૯
નેમીશ્વરના દર્શન કારણે, આવ્યા ગઢ ગીરનાર, સો૦
એહવે વણથલિઇ તપગચ્છ ધણી, નિસુણ્યાં ગુરૂ ગણધાર. સો૦ જં૦ ૧૦
હીરાદે મન અતિ હરખિત થયાં, પોહતાં વણથલી ગામ, સો૦
તિહાંશ્રી વિજયપ્રભ સૂરીસરૂ, વાંદે વિધિસ્યું રે તામ. સો૦ જં૦ ૧૧
રૂપામોહરે નવાંગે પુજીયા, કીધી પ્રભાવના સાર સો૦
અમૃતમય ગુરૂજીની દેશના, સાંભળે ચિત્ત મઝાર. સો૦ જં૦ ૧૨

## દુહા.

ગુરૂ દેશના દેતે થકે, દીઠો જયતકુમાર.
નિલવટ છત્રાકાર., શુભ લક્ષણ અતિહે ઉદાર. ૧
ગચ્છપતિ કહે સુણ શ્રાવિકા, તુજ સુત જયતકુમાર,
પદવી લહસ્યે મોટકી, રાજા કે ગણધાર. ૨
હીરા દે હરખિત થઇ, કરજોડી કહે તામ
ત્રિણ સુત યુત[2] સુજને, તુહ્મે આપો દિક્ષા સ્વામિ, ૩
લાભ જાણી દિક્ષા દઇ, શ્રીવિજયપ્રભસુરિ.
વિચરે સોરઠ દેશમેં, દિન દિન ચડતે નુર. ૪

૧ મ્હોટા ૨ યુક્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઢાલ ૨–અહિની ભાગ્ય બડે આજ તહારો– એ દેશી.**

નયણસીનો નામ થાપિઓ, જ્ઞાનવિજય ગુણવંત હે સુંદર.
વિમલનેં વિમળ વિજય ઇસ્યો, થાપે નામ મહંત હે. સુંદર ૧
ગિરૂયા ગછપતિ વંદિઇ, વિજયપ્રભ ગણધાર હે. સુંદર
ભવિકજીવ પડી બોહતા, મહિયલ કરય વિહાર હે. સુંદર ૨
જયતકુંયરનો થાપિઓ, જીતવિજય ઇસ્યો નામ હે. સું.
લઘુવય બહુ વિદ્યા ભણેં, ઉદ્યમથી આ અભિરામ હે. સું ગિ ૩
ગાથા ત્રણસે ગ્યારસેં; નિત્યપ્રતેં ભણેં ધરી નેહ હે, સું,
અનુક્રમેં પંડિત પરગડા, જીતવિજય થયા તેહ હે. સુ. ગિ. ૪
વિચરતા ગુરૂરાજજી, પોહતા ગોઢવાડ દેશ હે, સુ.
અતિ આડંબરથી કરે, વિજેવેં પરવેશ હે. સુ. ગિ. ૫
સંઘ કરેં પરભાવના યાચકનેં દિઇં દાન હે, સુ.
શુભ સ્થાનક જાણી કરી, ગુરૂ બેઠા તિહાં ધ્યાન હે. સુ. ગિ. ૬
આરાધી સાસનસુરી, આવી સાસન દેવા હે, સુ.
કહે દેયો પદવી તુહ્મે, જીતવિજયનેં હેવ હે. સુ. ગિ. ૭
નિસુણી ગુરૂ હરષિત થયા, ધ્યાન સંપૂરણ કીધ હે, સુ.
ધ્યાન તણો જે કલપડો, જીતવિજયને દીધ હે. સુ. ગિ. ૮
અનુક્રમે તિહાંથી વિચરતા, મરૂધર દેશ મઝાર હે, સુ.
આવ્યા નયર નાગોરમેં, શ્રાવક હરખ્યા અપાર હે. સુ. ગિ. ૯
સાહુ મેયા આડંબરે, વાજ્યા જંગીઢોલ હે, સુ.
સોહવ ગાવેં સોહલા, સાહિયર છાકમ છોળ હે. સુ. ગિ. ૧૦
પ્રભાવના શ્રીફલની કરેં, મોહણોત મોહનદાસ હે, સુ.
કરજોડી આગલિ રહી, એમ કરેં અરદાસ હે. સુ. ગિ. ૧૧

**દૂહા.**

સદગુરૂજી સુણો વિનતી, એક મેં કરાં અરદાસ,
પાટ પટોધર થાપિને, પુરો અમ મન આશ. ૧
ગચ્છપતિ કહે નિસુણો તુહમે, થાપેસ્યાં ગણધાર;
દિવસ ભલો દેખે કરે, કરસ્યાં કાજ ઉદાર. ૨
તુરત બોલાયા જ્યોતિકી, જ્યોતિ શાસ્ત્રના જાણ;
કહે જોવો દિન અતિભલો, જિમ કાજ ઘડે સુપ્રમાણ. ૩
બોલ્યા પંડિત બુધ્યથી, જોઇ શાસ્ત્ર વિચાર;
[1]માધવ વદિ ષષ્ટિ દિવસ, ચારૂ તિહાં રવિવાર.

---

૧ વૈશાખ માસ.

For Private And Personal Use Only

મુહણોત મોહનદાસજી, નિસુણી થયો ખુસીયાળ;
મંડાવે મોહોછવ ઘણા, ખાંતિ ધરી તતકાળ. ૫
તુરત મેવડા મુકીને, તેડાવે સવિ સંઘ,
ગામ નગર પાટણ થકી, આવે અતિહી ઉમંગ. ૬

### ઢાળ ૩ કાજ સીધાં સકળ સવે સાર—એ દેશી.

આવે તિહાં સંઘ ઉદારા, મન ધરતા હરખ અપારા;
ગીતારથ પણ તિહાં આવે, દેશ દેશ થકી વડદાવે. ૧
સોરઠ ગુજરાતિ ઢંઢાડ, માળવ મેવાત મેવાડ;
દક્ષિણ પુરવ હાલ્લાર, કચ્છ વાગડ મરૂધરા સાર. ૨
ગોઢવાડ સિરોહી દેશ, ચોરાડ કાનમ સુવિસેસ;
ઇત્યાદિક બહુ દેશારા, ગીતારથ આવે અતિ સારા. ૩
કેઈ પંડિત કેઇકે તપિયા, કેઈ તાર્કિક કેઈક જપિયા;
કેઈક શાદિક કેઇ વૈદ્ય, રોગ ટાળે રોગીનો સદ્ય. ૪
કેઇ સંવેગી ક્રિયાપાત્ર, જેહનાં છે નિરમળ ગાત્ર;
એહવા સવા સાતસે, સાધ ભેલા થાય તિહાં નિરાબાધ. ૫
ઓછવનો દિવસ જવ આયો, નરનારી હરખ સવાયો;
ગુરૂજી તવ તખત વિરાજે, સંઘ આવે દરિસણ કાજે. ૬
જીત વિજયજીને બોલાવે, તિ પણ મલપતા આવે;
નિજ પાટ પટોધર થાપે, આચાર્ય પદવી આપે. ૭
સૂર મંત્ર દિયો શ્રીકાર, નામ થાપના કીધી ઉદાર;
શ્રી વિજયરત્ન સૂરિ રાય, ભવિયણને આણંદ થાય. ૮
સંવત સતર બત્રીસ, માધવ વદિ ષષ્ઠિ દિવસ;
શ્રીવિજયપ્રભ ગણધાર, પટધર થાપે સુવિચાર. ૯
મુહણોત તવ મોહનદાસ, કરે ઉછવ અતિ સુપ્રકાર;
બત્રીસ બદ્ધ વાજિત્ર વાજે, નાદે કરી અંબર ગાજે. ૧૦
યાચકને દાન દેવાઇ, સાધોને પહિરામણિ થાઇ;
સાહમીવછલ શ્રીકાર, કીધા ઇમ મહોછવ સાર. ૧૧
તિહાંથી વિચરે ગુરૂરાય, અનુક્રમે પુર મેડતે જાય;
આડંબરથી પધરાયા સંઘ, મનમેં હરખ સવાય. ૧૨
પુહવે શ્રીમાળવ દેશ નોલાઈ, ગામ વિસેસા મહિતો રાગ;
કરણ તિહાંથી આવે, સંઘ બહુલા સાથિ ( લાવે ) ૧૩
મેડતે ગુરૂ ગછપતિ વંદે; મનમાંહિ અતિ આણંદે;
વંદન મહોછવ તિણે કીધો, લખમાંનો લાહો લીધો. ૧૪

( ચાલુ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાવીરપ્રભુનું અદશ્ય સ્વરૂપ મનુષ્ય કયારે જોઇ શકે?

## મહાવીર પ્રભુની ભકિત—ગુણગ્રામ અને તેને માટે ઉજવાતી જયંતી પણ તેનું કારણભૂત બની શકે !

સંસારમાં પરિભ્રમણ કરનાર મનુષ્ય શ્રી મહાવીર પરમાત્માના અદશ્ય સ્વરૂપને જોઇ શકે ? તેને જોવાની કોઇ અપૂર્વ શકિત આ જગતપર વિદ્યમાન છે ? પરમાત્માને મૂળ સ્વરૂપમાં જોવા અને જેનામાં જગત્‌ના સઘળા પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેનું આશ્ચર્યકારક અસ્તિત્વ મનુષ્યની આંખ જોઇ શકે એ સંભવિત ખરૂં ? દુનીયાના જે આશ્ચર્ય, સૌંદર્યો અને એવા બીજા દેખાવો કે જેના ઉપર મનુષ્યની આંખ ઠરી જાય છે, મહાન ચમત્કારિક દશ્યો કે જેના વિષે મનુષ્ય કલ્પના પણ કરી શકે છે તેથી શું પરમાત્માના અદશ્ય સ્વરૂપને જોવાને તેના ચર્મ ચક્ષુ પણ શકિતમાન થઇ શકે ?

એક જાગૃત શ્રદ્ધાળુ આત્માની સર્વોત્તમ ક્રિયા માત્ર શ્રીમહાવીરના મહાત્મ્યને અનુભવી શકે છે. કોઇ પણ શ્રેષ્ઠ મનુષ્યના આત્માનું અતિશય સુખ દરેક ક્ષણે વિચાર અને આચારમાં ઉન્નત થવા સિવાય બીજું શું વિશેષ હોઇ શકે ? સ્વર્ગનું સુખ, પવિત્રતાનો આનંદ અને ઉચ્ચ મનુષ્યની ઉચ્ચતા દરેક બાબતો અનુભવાય છે; પરંતુ મહાવીર પરમાત્માને તેના અદશ્ય સ્વરૂપમાં જોઇ શકતા નથી. જેને કોઇ મનુષ્યે જોયા નથી, અને જોઈ શકતો નથી એવું પરમાત્મ સ્વરૂપ છે તેને અજર, અમર અને અદશ્ય કહેવાય છે. ત્યારે શું મનુષ્યે પરમાત્માને જોવાની પોતાની ઇચ્છા દાબી દેવી જોઇએ ? કોઇ શંકાશીલ કે દુઃખી મનુષ્ય તેઓને જોવાની શું ઇચ્છા નહીં કરે ? ઘણા એવું પણ બોલે છે કે મહાવીર પ્રભુ ખરા હોય તો એક ક્ષણવાર પ્રગટ થઇને મારી શંકાઓ, મુશ્કેલીઓ, દુઃખો દૂર કરી મને શાંતિ આપે ? જેમના હ્રુદયમાં પરમાત્મા પ્રત્યેનો પ્રેમ ઉદ્ભવેલો નથી અને તેના આત્માની ફરતો સર્વત્ર અંધકાર થઇ રહ્યો છે તેવા ઘણા અંતઃકરણોમાંથી એવી બુમ નથી સંભળાતી કે મહાવીરપ્રભુને અમારે જોવા છે. આગળ જઇએ છીયે પણ ત્યાં નથી, પાછળ હઠીએ છીએ પરંતુ ત્યાં પણ દર્શન થતા નથી. કેટલાક આસ્તિક મનુષ્યો એમ પણ વિચાર કરે છે કે, કેટલાક નાસ્તિક મનુષ્યો દુનીયા ઉપર છે તે, તેમજ કેટલાક મનુષ્યો તો પરમાત્માને તદ્દન ભૂલીજ જઇ, તેના વચન, આજ્ઞાનું અપમાન કરે છે, તેના અસ્તિત્વને માટે પણ શંકા લાવે છે, ત્યારે મનુષ્યને એવી લાગણી ભરી ઇચ્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ આવે છે કે, મનુષ્ય પરમાત્માને જુએ અને પરમાત્મા એક ક્ષણભર પણ મનુષ્યની નજરે પડે અને મનુષ્યની અજ્ઞાનતા અને દુષ્ટતા દૂર કરે તો કેવું સારૂં ! પરંતુ આ બધું નકામું છે. શંકશીલને ખાત્રી કરાવવાને નિરાશ થયેલને દિલાસો દેવાને અને અજ્ઞાની–મૂઢ અને નિર્દય મનુષ્યને જાગૃત કરવાને કે તેવા કોઇ કારણુ માટે પરમાત્મા આ જગતમાં કોઇ પણુ મનુષ્યની આંખે દેખી શકાય તેવી રીતે દશ્યમાન થઇ શકે નહીં. પરમાત્માનું સ્વરૂપ મનુષ્યને તેવી રીતે દશ્યમાન થાય નહીં તેના અનેક કારણો છે. જ્યાંસુધી મનુષ્ય અજ્ઞાન–પાપ–મોહના પ્રદેશમાં વિચરે છે ત્યાંસુધી અને દૈવિક મહાત્મ્ય પ્રાપ્ત કરવાને શકિતવાળા થયા સિવાય પરમાત્માને જોઇ શકાયજ નહી, જે શ્રેષ્ઠ અને પવિત્ર મનુષ્ય જ્યારે પવિત્ર વિચાર શ્રેણીના ઉચ્ચ પદ સુધી પહોંચે છે ત્યારે પણ મનુષ્યપણામાં તે પરમાત્માના અદશ્ય સ્વરૂપને જોઇ શકતો નહીં. મહાવીર પરમાત્માના સ્વરૂપને મહાવીર જેવા થાય તેજ મનુષ્ય જોઇ શકે; પરંતુ મનુષ્ય મનુષ્યપણે તો જોઇ શકેજ નહીં. હવે જ્યારે મનુષ્ય પોતાની વર્તમાન સ્થિતિમાં પરમાત્માનું અદશ્ય સ્વરૂપ જોઇ શકતો નથી, તોપણ મહાવીર પ્રભુનું જીવન પરમાત્માના અદશ્ય સ્વરૂપની ખાત્રી આપશેજ. આ દુનીયામાં પરમાત્માને જોવાને આપણુને યોગ્ય ગણવામાં કેમ નહીં આવ્યા હોય ? તેનો વિચાર કરીયે. આ બાબત આત્માને સંબંધ ધરાવનારી હોવાથી તે ઇંદ્રીયથી જોઇ શકાય તે અસંભવિત છે. વિકારી ઇંદ્રીયોમાંથી નિર્વિકારી સ્વરૂપનું અસ્તિત્વ જોઈ શકાય નહીં, તેટલા માટે **શ્રી આદિનાથ** પ્રભુના સ્તવનમાં કહેલું છે કે " પ્રીતિ અનાદિની વિષભરી તે રીતે હો કરવા મુજ ભાવ; કરવી નિર્વિષ પ્રીતડી, કીણુ ભાતે હો કહો બને બનાવ. " કારણુ કે અનાદિની વિષ ભરેલી પ્રીતિ હોવાથી તે નિર્વિષ પ્રિત થાય ત્યારેજ પરમાત્માને જોઇ શકાય. દુનીયાના પુદ્ગલિક પદાર્થો ઘણા એવા છે કે તેમજ કુદરતની એવી ઘણી શક્તિઓ છે જેની અસર આપણે જાણીયે છીયે તો પણ તે પોતાને સ્વરૂપે આપણે જોઇ શકતા નથી. જુદા જુદા આકાર અને રંગવાળા પદાર્થો આપણી આંખ જોવે છે, પરંતુ તેમાં કેટલાકમાં જે વીજળીક શકિત કામ કરે છે તે જોઇ શકાતી નથી. આવી રીતે બાહ્ય પદાર્થો વિષયક અને આત્મિક દુનીયાની મર્યાદાપર ઇંદ્રીયોના સ્પર્શથી ન જાણી શકાય તેવી રચનાઓ છે. જેને આપણે મન, હૃદય, આત્મા, કર્મ વગેરે કહીયે છીયે તેનું છુપાયેલ સત્વ આંખથી જોઇ શકાતું નથી.

શરીર ધારણુ કરી રહેલા દુનીયાના જીવોમાં આપણે સાથે રહેલા છીયે, તેઓની સાથે હંમેશનો સંબંધ રાખીયે છીયે, તેના ડહાપણુ–બુદ્ધિ અને અસ્તિત્વની હંમેશાં સાબીતી જોવા છતાં એક આત્મા બીજા આત્માને દશ્ય થયો નથી. ઇંદ્રીયોથી જે દેખાય છે તે આત્માએ ધારણુ કરેલા કર્મજનીત આકાર છે અને તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ આપણે નિરંતર જોઇએ છીએ. અજ્ઞાની–દુષ્ટ ઘણોજ પાપી એવા મનુષ્યના આત્માને પણ ચર્મચક્ષુથી જોઈ શકતા નથી, તો પછી સંપૂર્ણપણાને પામેલ પરમાત્માને તો મનુષ્ય શી રીતે જોઇ શકે ? અનંતશક્તિવાળા મહાવીર પરમાત્મા કે જેનો સ્વર્ગમાં પણ સમાવેશ થતો નથી ( કારણ કર્મ સર્વથા નાશ પામેલ છે ) તો તે મનુષ્યક્ષેત્રમાં તો શી રીતે દશ્યમાન થઇ શકે ? અને કયું શારીરિક સ્વરૂપ તેના અનંત જ્ઞાન અને સર્વથા કર્મ મૂળ વિનાશી સ્વરૂપને ધારણ કરી શકે ?

કર્મ પરમાણુ-પદાર્થોથી ભરેલું જગત્ પરમાત્માની અમર્યાદિત મહત્તા આગળ તુચ્છ એટલા માટેજ ગણાય છે, કે આ જગત્‌ના સૌંદર્યતાના બધા ઉત્પન્ન થતા આકાર કરતાં વીરપરમાત્માનો મહીમા એટલી બધી અપૂર્વ શ્રેષ્ઠતા અને સુંદરતાવાળો છે કે બહીરાત્મા મનુષ્યોની કલ્પનાશક્તિથી કળી શકાતો નથી.

પરમાત્મા થતાં થતાં પ્રાણીને અનેક અવતાર ધારણ કરવા પડે છે. કર્મો ઓછાં કરવા–તોડવા અનેક દુઃખો ધૈર્યતાથી સહન કરવા ભવોમાં ભમવું પડે છે, તો પછી પરમાત્મા થયા પછી તે આત્માને અવતાર ધારણ કરવો પડે તે વાત તદ્દન યુક્તિ વગરની છે, એટલે પરમાત્મા કોઇ અસાધારણ શ્રેષ્ઠ સુંદર સ્વરૂપમાં અહીં અવતાર લે કેજે દશ્યમાન થઇ શકે તે કેવળ અયુક્તજ છે.

હવે જ્યારે પરમાત્મા ચર્મચક્ષુથી ન જોઈ શકાય તો શું આંતરિક ચક્ષુથી પણ તેનાં દર્શન થઈ શકે કે કેમ ? તેનો ખુલાસો તેજ છે કે પરમાત્માનું આત્મિકસ્વરૂપ વિચારથી, જ્ઞાનથી શાસ્ત્રથીજ જાણી શકાય તેમ છે. પરમાત્માનું જેટલે અંશે આત્મામાં પ્રતિબિંબ પડે તેટલે અંશે આત્મા પરમાત્માને જોઈ શકે છે અને જાણી શકે છે, અને શાસ્ત્રકાર મહારાજના કહેવા પ્રમાણે આત્મા પણ નિશ્ચયનયે પરમાત્મા સ્વરૂપી હોવાથી જેટલે અંશે તેનું પરમાત્મસ્વરૂપ પ્રગટ થાય તેટલે અંશે તે પોતાના આત્માનેજ પરમાત્મસ્વરૂપે જોઇ શકે છે.

જે મનુષ્યને પરમાત્માને અંતરંગમાં જોવાની શક્તિ ઉત્પન્ન થાય અને સઘળા સત્ય સૌંદર્ય જે પરમાત્મા છે તેનું જ્ઞાન સહેલાઇથી પ્રાપ્ત કરી લે તો શાસ્ત્રમાં જે જ્ઞાનના ભેદનાં મુખ્ય તત્ત્વો કહેલાં છે તેથી પરમાત્માનું દશ્ય સ્વરૂપનું પ્રતિબિંબ પડી શકે છે; પરંતુ મહાવીર પ્રભુના કથન કરેલા મહાન વિચારો જે કે શાસ્ત્રમાં રહેલા છે, તે મનુષ્યની ભાષાના અપૂર્ણપણાથી બોલાય તે પહેલા અને જગત્‌ના નિયમ અને વ્યવસ્થામાં જે ફેરફાર થાય છે તેનું જ્ઞાન ન થાય તે પહેલાં તે વિચારોથી મનુષ્યથી પરમાત્માના સ્વરૂપનું પ્રતિબિંબ જોવાને શક્તિમાન થઇ શકાતું નથી.

બાહ્યસ્વરૂપ અને છાયાથી માત્ર આગળ વધવાને–માત્ર સત્યના ઉપર ઉપરના અજવાળાને જોવાનેજ નહીં, પરંતુ જે પરમાત્માનું જ્ઞાન અનંત–સંપૂર્ણ સર્વત્ર છે, અને જેમાં જગત્‌ના દરેક પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેના સત્ય સ્વરૂપને જોવાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં પરમાત્મા રહે છે ત્યાં વાસ કરવાને શું કરવું જરૂરીયાતવાળું છે, તે વિષે મનન કરો અને મહાવીર પરમાત્માએ જે રીતે સિદ્ધપણું પ્રાપ્ત કર્યું તે રીતે કરવાનો પ્રયત્ન કરો. સવાર, બપોર, સાંઝ, અજવાળી રાત્રીઓ, પહાડ, નદીયો, બગીચાઓ, ચંદ્રપ્રકાશ, તારાઓ વગેરે જગત્‌ના દેખાવો, સૌંદર્યો વગેરે જ્યારે જ્યારે અનુભવીયે છીયે ત્યારે આપણને આનંદ થાય છે, તો પછી પરમાત્મસ્વરૂપમાં જગત્‌ના સર્વ પદાર્થોનું એક સમયે એક સરખું પ્રતિબિંબ પડતું જ્યારે પરમાત્માની જેમ આપણે જોઇ શકીયે ત્યારે તે માટે કેટલો સ્થાયી આનંદ થાય તેની કલ્પના કરવી. આને માટે શાસ્ત્રો કહે છે કે ભવ્યાત્માને કર્મના પડદા જે મહાવીર પ્રભુથી દૂરને દૂરજ રાખે છે તે એક દિવસ પ્રયત્નોવડે ખેંચાઇ જતા આત્મિકશક્તિઓ જાગૃત થતાં, ઇંદ્રીયોના ક્ષણિક અસત્ય વિકારો દૂર થતાં મુક્ત થયેલો તે આત્મા સિદ્ધસ્વરૂપ પરમાત્મપદ પ્રાપ્ત કરશે. મહાવીર પ્રભુએ તેજ રીતે પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે, અને જે આત્માઓ તેવી રીતે પરમાત્મપદ પ્રાપ્ત કરશે તેજ મહાવીર પ્રભુના અદૃશ્ય સ્વરૂપને જોઇ શકશે. જેમ જેમ હૃદયની પવિત્રતા થતી જશે તેમ તેમ મહાવીરપણું થોડા થોડા સ્વરૂપમાં દૃશ્યમાન થતું જશે. જ્યારે આપણને મહાવીર પરમાત્મા દેખાશે ત્યારેજ આપણે તેના જેવા થઈશું. કારણકે તે જેવા છે તેવાજ સ્વરૂપથી આપણે તેને જોશું. પરમાત્માએ કહ્યું કે-" તું પોતાને મૂળ સ્વરૂપે જાણ તો તેને ( પરમાત્માને ) અવશ્ય જાણીશ. "

ખરી રીતે પરમાત્માનાં દર્શનનો વિચાર જ્યારે અશક્ય નથી, જો કે ચર્મચક્ષુનો તે વિષય નથી, છતાં આત્મામાં એવી યોગ્યતા છે કે જેને સંપૂર્ણ રીતે ખીલવવામાં આવે તો મહાવીર પ્રભુના સ્વરૂપને જોવાને તે પ્રાણી શક્તિમાન થાય.

શ્રીમાન્ મહાવીર પ્રભુ કે જેનું શાસન હાલ વિચરે છે અને જેના ભક્તો આપણે છીયે, તે પવિત્ર પુરૂષ-પ્રભુનોજ આ માસની શુક્લ તૃયોદશી (ચૈત્ર શુદ ૧૩) ની જન્મતીથી હોવાથી અનેક સ્થળે જયંતીઓ-તે પ્રભુના ગુણગાન પ્રગટ કરવા, સાંભળવા તે પ્રમાણે વર્તવા માટે ઉજવાય છે, તેનો હેતુ તો માત્ર બોલવા, સાંભળવા જ પુરતો નહીં, પરંતુ તેટલોજ હોઈ શકે કે તે વીરપરમાત્માના ગુણો-ઉપકારો યાદ લાવી, પરમાત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે જે જે પ્રયત્નો તે પ્રભુએ સેવ્યા હોય તે આદરી, તે મહાન્ પ્રભુનું દૃશ્ય જોવા, જોઇ તેવા મહાવીર પરમાત્મા થવા તે સ્મરણો-જયંતીઓ થવી જોઇએ, અને તેને પગલે, ધીમે ધીમે ચાલવાથી, પવિત્ર હૃદયવાળા થવાથી આંતરદૃષ્ટિથી તેમનું દૃશ્ય નિહાળી શકાય છે અને તેવા પરમાત્મા થઇ શકાય છે. આ લેખ તે પુણ્યતીથી કલ્યાણકના શુભ નિમિત્તથી લખાયેલ છે. સર્વ પ્રાણીઓ તે પરમાત્માનું દૃશ્ય જોવા ભાગ્યશાળી બનો એમ ઇચ્છું છું.

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, ભાવનગર.

For Private And Personal Use Only

# ખાસ મનન કરવાયોગ્ય નીતિનાં વાક્યો.

( ઉપમિતિભવપ્રપંચા કથામાંથી. )

૧ સજ્જન પુરૂષોની વાણીનો આશય સમજાયો ન હોય તો પણ તે વાણી જાતેજ અતિ સુંદર હોવાથી મનુષ્યોના ચિત્તને પ્રસન્ન કરે છે.

૨ મહાત્મા પુરૂષો ભાવપૂર્વક ભક્તિથીજ પોતાના થાય છે.

૩ ભગવાનના સેવકોએ જે પ્રાણી ભગવાનને વહાલા હોય તેના તરફ પ્રેમ રાખવો એ ઉચિત છે.

૪ સર્વના નાથ થવાને સર્વજ્ઞ મહારાજાજ યોગ્ય છે.

૫ ભગવાનના સિદ્ધાંતમાં કહેલું એક પદ પણ ભાવપૂર્વક સાંભળવામાં આવ્યું હોય તો તે સમસ્ત રાગાદિ ભાવ રોગોનો નાશ કરવાને સમર્થ છે.

૬ જ્ઞાની પુરૂષો ઉપર કર્મનું જોર ચાલતું નથી.

૭ શુદ્ધ આગમનો સમ્યક્ બોધ થાય છે એટલે કર્મો પોતાની મેળે છુટી જાય છે, નાશી જાય છે, આત્મપ્રદેશથી ખરી પડે છે.

૮ મોક્ષમાં ગયા પછી સંસારમાં પાછું આવવાનું કદિ પણ થતું નથી, અવ્યાબાધ સુખ ભોગવતાં મોક્ષ ગયેલા આત્માઓ અનંતકાળ ત્યાં રહે છે. દરેક પ્રાણીને આશ્રયીને મોક્ષની આદિ હોય છે પણ અંત નથી.

૯ મહાત્મા પુરૂષો તો પર પ્રાણીઓને હમેશાં સંતોષના વધારનારજ થાય છે, તેઓનું પોતાનું કામ પણ બીજા માણસને પ્રીતિ ઉપજાવે તેવુંજ હોય છે.

( અપૂર્ણ. )

# સમયના પ્રવાહમાં.

દેશ ઉદ્ધારક, સરલ અંતઃકરણવાળા, ધૈર્યતા પૂર્વક દુઃખ સહન કરનાર, અહિંસાના ઉપદેશક, શાંતિને ઇચ્છનારા મહાત્મા ગાંધીજીને છ વર્ષની કેદની સજા થઇ છે. હિંદની પ્રજા પણ તે માટે અત્યંત દિલગીર થઇ છે. એક પરોપકારી પુરૂષના જીવન માટે તેમ થતાં ખેદ થાય તે સંભવિત છે. દેશના આર્થિક વગેરે ઉદ્ધાર માટે પોતાનો ધંધો ને સ્વાર્થ તજ્યો, શારીરિક સ્થિતિ નબળી છતાં ગામેગામ શહેરે, શહેર ફરી ફરી શરીરની દરકાર રાખ્યા વગર સ્વદેશી પ્રચાર અને સ્વરાજ્ય પ્રાપ્ત કરાવવા માટે અસ્ખલિત પ્રયત્નો સેવ્યા, ગમે તેટલા શારીરિક કે માનસિક દુઃખો સહન કરવા પડે છતાં શાંતિ-અહિંસા પ્રવર્ત્તાવવા ઉપદેશ, લેખની અને ભાષણદ્વારા કરી-સુલેહ-શાંતિને ઇચ્છી અને જ્યાં હિંસા, મારફાડ, અશાંતિ સાંભળી,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇ ત્યાં મનને ગ્લાનિ થઇ ભૂલ કબુલ કરી પાપ ધોવા પ્રયત્ન કર્યા અને જ્યાં પોતાની ભૂલોથી કોઇ અયોગ્ય પ્રસંગ પ્રાપ્ત થયો ત્યાં પોતાનીજ ભૂલ પ્રગટ કરી. આફ્રિકા જેવા દેશમાં નાની સંખ્યાના હિંદવાસીઓના સુખ માટે અનેક કષ્ટો ભોગવી, સુવર્ણ જેમ અગ્નિમાંથી સોના રૂપેજ પ્રગટ થાય તેમ અડગ અને અપૂર્વ ધૈર્યતા–કષ્ટ સહન કરવાની ટેવ પાડી કસોટીમાંથી પસાર થયાપછીજ, તેત્રીશ કરોડની પ્રજાના સુખ માટે નિસ્વાર્થી બની, કષ્ટો સહન કરીને પણ સર્વસ્વનો ભોગ આપ્યો, તેથી તેમજ તે સાથે પૂર્વ ભવે પણ તેવા કોઇ પુણ્ય સંચયથી શુભ નામ કર્મ બાંધવાથી મહાત્મા કહેવાણાં અને હિંદની પ્રજાના ઉદ્ધાર માટે અને પોતાના સ્વાર્થના ભોગેજ પરમાર્થ કરતા પૂજ્ય કહેવાયા. તેમની શરીર આકૃતિ અને મુદ્રા જોતાં તો નિર્વિષયી જણાય છે, તેમ તેમની સાથે ચર્ચા વાર્તા કરતાં પણ શાંત, સરલ, કોમળ અને પરમાર્થી પુરૂષ જણાય છે અને જેને એક અવાજે હિંદની સર્વ પ્રજા–સર્વ કોમ દેશહિત માટે પરમાર્થી પુરૂષ માને છે, ગણે છે, અનુભવે છે; છતાં "જૈન એડવોકેટ પત્ર" જે કે અમદાવાદમાં પ્રગટ થાય છે તેના એડીટરે તે પત્રના અંક ૨૦ માં ઇંગ્રેજી અને ગુજરાતી લેખોમાં આવા એક પરોપકારી, પુરૂષ માટે અઘટીત, અયોગ્ય જે લખાણુ છાપેલ છે તે જે વાંચે તેને ઘણોજ ખેદ થાય તેવું છે. આવા લખાણુ તે મહાત્મા ગાંધી માટે તે પત્રના એડીટરને લખવાનું શું પ્રયોજન હશે ? કારણુ કે મહાત્મા ગાંધીજીએ જૈનધર્મ કે કોમની વિરૂદ્ધ કાંઈ હીલચાલ, ઉપદેશકે લેખની દ્વારા કરેલ નથી. તેટલુંજ નહીં પણ જૈન ધર્મનોસર્વ માન્ય સિદ્ધાંત "અહિંસા પરમો ધર્મ"નું સૂત્ર પોતાની આ હીલચાલમાં પ્રથમ મૂકી હીંદુ, મુસલમાન જેવી પરાપૂર્વથી ધર્મ વિરોધી કોમનો પણ પોતાનાદૈવ્ય બળથી એકત્ર કરી, હિંસાનો પણ હાલમાં સદંતર નાશ નહીં તો પણ ઘણા ભાગે થતો પણ અટકાવી, એક સંપી કરાવવા પ્રયત્ન કરી રહ્યા છે. આમ છતાં તેમના તેવા કાર્યની પ્રશંસા કરવાને બદલે તેને એક હલકી કોટી પુરૂષ કહેવા બહાર આવવું, કે લખવું તેથી સમગ્ર દેશ ધ્રુજી ઉઠે તે બનવા જોગ છે. મહાત્મા ગાંધીજીની દેશના હિત માટે યોજના, વિચાર કે હીલચાલ માટે વિચાર ભેદ–બે પક્ષ હોય (કારણુ કે દરેક કાળમાં દરેક મહાન પુરૂષોના માટે પણ તેમ બનતું આવે છે.) પરંતુ તેમના ચારિત્ર, નિસ્વાર્થ, પરોપકારીપણા માટે કે સરલ અંતઃકરણુ માટે અમો નથી ધારતા કે તેના વિચારના અનુયાયીઓ કે વિચાર ભેદવાળા પછી તે મધ્યમ વિચારવાળા કે ગમે તે હોય, તે કોઇ પણ તેથી બીજો વિચાર ધરાવતા હોય! હિંદુસ્તાનની સમગ્ર પ્રજા દરેક કોમ તેમનાં નિસ્વાર્થ પણા અને ચારિત્ર માટે એકજ મત છે, તો આવી રીતે જૈન એડવોકેટના એડીટરે જે અઘટીત લખ્યું તેથી જૈન કોમને કશું લાગતું વળગતું છેજ નહીં, કારણ કે તેતો લેખકના પોતાનાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો છે. ભારતવર્ષની સમગ્ર પ્રજામાં જૈન પ્રજાનો બીજી કોમી પ્રજાની જેમ સમાવેશ થતો હોવાથી તેની દેશહિતની પ્રવૃત્તિમાં હિસ્સો, લાભાલાભ તેટલોજ છે, કારણકે તે સિવાય તે કાર્યથી હિંદની સમગ્ર પ્રજામાંથી જૈનકોમ તો શું, પરંતુ કોઈ કોમીક પ્રજા જુદી પડવા માંગે તો જીવી શકેજ નહીં, પૂર્વ કાળના ઇતિહાસથી પણ તેમ જણાય છે કે સમગ્ર દેશની પ્રજાથી કોઇ કોમીક પ્રજા છુટી રહી, સમગ્ર હિત, સમગ્ર લાભ, હક સાચવી કે સંભાળી શકે નહીં, તેટલા માટે ચાલતી હીંદની પ્રવૃત્તિ (સ્વદેશી પ્રચાર વગેરે) માં બીજા પ્રજા સાથે જૈન પ્રજાનું તેટલુંજ હીત સમાયેલું છે એમ જાણીનેજ એડવોકેટ પત્રના અધીપતિના આવા અયોગ્ય લખાણથી દીલગીર થઈ ભાવનગરની જૈન પ્રજાએ તા. ૧૨-૨-૨૨ ના રોજ સમગ્ર સંઘ એકઠો કરી શ્રીસંઘે તે માટે ખેદ સાથે તિરસ્કાર દર્શાવ્યો છે. અમો પણ તે વાતને મળતાજ છીયે.

મહાત્મા ગાંધીજીનાં કોઇ વખાણ કરો, કે કોઈ ગાળો આપો, તેમાં તેનું કાંઈ જતું નથી કે તેટલેથી તેમની પરોપકારવૃત્તિ ઘટતી નથી; પરંતુ આવા પુરૂષ કે જેને સમગ્ર દેશ-તમામ પ્રજા, દરેક વ્યકિત જયાં ઉત્તમ પુરૂષ તરીકે લેખવે અને જુવે ત્યાં તેવા પુરૂષ ઉપર આવા આક્ષેપો બોલાય કે લખાય તો તે કોઇપણ સાંભળી કે વાંચીને કમ્પી ઉઠે અને ખેદ ધરે કે તિરસ્કાર બતાવે તે સ્વાભાવિક છે. તેમની ચાલતી પ્રવૃત્તિ દરમ્યાન આ પત્રના એડીટરે આવું કાંઇ લખ્યું નહીં તેમજ તેઓના છેલ્લા અંકમાં તેમણે જણાવ્યા પ્રમાણે શ્રી રાયચંદ્ર જયંતીના પ્રસંગે પ્રમુખ સ્થાનેથી શ્રીયુત ગાંધીજી જૈન ધર્મના માટે જો અયોગ્ય શબ્દો બોલ્યા હતા, તો પાંચ માસ સુધી તે બહાર કેમ મૂકયા નહીં? અને તેઓશ્રી જયારે જેલમાં ગયા ત્યારેજ આવું લખાણ બહાર કેમ આવ્યું? તે માટે કોઇ સમજી શકતું નથી. તે ગમે તે હો! પરંતુ જયારે એક ચારિત્રવાન પરોપકારી પુરૂષ સમગ્ર પ્રજાના સુખ માટે પ્રયત્ન કરતાં પોતાને દુઃખ પડે છે-કેદમાં જાય છે ત્યારે સર્વને દુઃખ થાય તે સ્વાભાવિક છે. તે વખત તેવા વીર પુરૂષ માટે એક પત્રકાર જો આવા અયોગ્ય શબ્દો લખે તે ખરેખર ખેદનો વિષય છે. તે મહાત્માના કહેવા પ્રમાણે પાછળ આપણે સર્વ પ્રજાએ પણ સ્વદેશી ચળવળ ચાલુ રાખવી, અહિંસાનું પાલન કરવું, શાંતિ અને સુલેહને ચહાવું તે તેમના સંદેશાને માન આપવા જેવું અને તેમના આત્માને આનંદીત કરવા જેવું-તેમની આજ્ઞાને પાલન કરવા જેવું છે. સ્વદેશી વસ્ત્ર વાપરવાથી-સ્વદેશી વસ્તુનો પ્રચાર વધવાથી, દેશમાં હુન્નર ઉદ્યોગોવડે નવી વસ્તુઓ બનાવી તે વાપરવાથી હિંદને એકાંત આર્થિક લાભ છે, અને તેવી વસ્તુ વાપરતાં દેશહિત છે. તેટલુંજ નહીં પરંતુ સંપ, દયા, સાદાઇ, સરલતા પણ ક્રમે ક્રમે હિંદવાસીઓમાં આવવાનો સંભવ છે. જેમાં દરેક પ્રજાનો-કોમનો સરખો ભાગ છે. પરમાત્મા આ દેશની ત રીતે આબાદી કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " શ્રી વિજયાનંદ સૂરીશ્વર ઊર્ફે શ્રી આત્મારામજી મહારાજના સમુદાયના મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજનું દિલગીરીદાયક અવસાન. "

' અમોને જણાવતાં અતિ ખેદ થાય છે કે પાટણથી નીકળેલા ચારૂપ તીર્થના સંઘમાં મુનિમહારાજ શ્રી હંસવિજયજી મહારાજ સાથે આનંદપૂર્વક યાત્રા કરી આવ્યા બાદ, ૧૫ દિવસની માંદગી ભોગવી, ફાગણ વદિ ૧૩ ને રવીવારની સવારે સુમારે આઠ વાગતાં પાટણ શહેરની અંદર આવેલા સાગરના ઉપાશ્રયમાં, જ્ઞાનધ્યાન અને અંત્યારાધના કરી ઉક્ત મુનિરાજ આ ફાની દુનિયાને છોડી સ્વર્ગગમન કરી ગયા છે; પરંતુ પાટણની પ્રજામાં પોતાની કીર્તિરૂપી સુવાસ અખંડ રાખી ગયા છે.

આ મહાત્માએ સુમારે બાર વરસની લઘુ વયમાં મુનિ મહારાજ શ્રીહંસવિજયજી મહારાજના શિષ્ય મુનિ શ્રી દોલતવિજયજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી અને પચીશ વર્ષની ઉમર થતાં તેઓ પંચત્વ પામ્યા છે.

આટલી ટુંક મુદતમાં મર્હુમે વ્યાકરણ, કાવ્ય, કોષ, ન્યાય અને કેટલાએક જૈનસૂત્રો ઉપરાંત છઠ્ઠા કર્મગ્રંથની ટીકા સુધીનું જ્ઞાન મેળવ્યું હતું; એટલુંજ નહિ બલ્કે આ બાળમુનિએ અનેક તીર્થોની યાત્રાઓ કરી પોતાના આત્માને પવિત્ર બનાવ્યો હતો.

આ બાળમુનિરાજ સ્વભાવે સરલ, શાંત, મીલનસાર, ક્રિયાપાત્ર અને ચારિત્ર ઉપર દૃઢ પ્રેમી હતા. છેવટમાં કેટલાએક નિબંધો વગેરે લખી જૈન સાહિત્યસેવા પણ બજાવી છે. તેમના સ્વર્ગવાસથી આ સભા પોતાની દીલગીરી જાહેર કરે છે.

આ મહાત્માના આત્માને અખંડ શાંતિ મળો, એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

---

## શેઠ ખેતસિંહ ખીઅસિંહ જે૦ પી૦ નો સ્વર્ગવાસ.

જૈન કોમના જાણીતા ગૃહસ્થ અને કચ્છી જૈન સમાજના મુખ્ય અગ્રેસર શેઠ ખેતસિંહભાઇ કાઠીયાડના લીંબડી ગામમાં તા. ૨૬–૩–૧૯૨૨ ના રોજ વૃદ્ધ વયે ટુંક બીમારી ભોગવી સ્વર્ગવાસ પામ્યા છે. ઉક્ત શેઠશ્રી ધર્મ શ્રદ્ધાળુ, સરલ હૃદયના અને ઉદાર નરરત્ન હતા. ધાર્મિક અનેક કાર્યોમાં તમણે સારી સખાવતો કરેલી હતી. રૂના એક અગ્રેસર વેપારી હતા. તેઓના સ્વર્ગવાસથી જૈન કોમને એક ઉદાર ગૃહસ્થની ખોટ પડી છે. તેમના માનમાં તા. ૨–૪–૨૨ ના રોજ શ્રી કચ્છી જૈન એસોસીએન મુંબઇ તરફથી શેઠ જેઠાભાઈ નરસી નાયકના પ્રમુખપણા નીચે ખેદ બતાવવા જાહેર સભા મળી હતી. તેમના સ્વર્ગવાસથી અમો દીલગીરી જાહેર કરીયે છીયે. તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સગવડ.

શ્રી વિશાશ્રીમાળી કાનમવાકળ ચોખળા તરફથી જૈન બોર્ડીંગ વડોદરામાં તા. ૪-૪-૨૧ થી શરૂ કરવામાં આવી છે. આ બોર્ડીંગમાં અત્રેની સ્કુલમાં ચાલતા ઇંગ્લીશ અભ્યાસ માટે ખર્ચ બદલ દર માસે રૂ. ૧૨) પ્રમાણે લઇ સંસ્થાના નિયમોને અનુસરી ચાલવાની શરતે દરેક જૈન બંધુને દાખલ કરવામાં આવે છે. આ બોર્ડીંગમાં તમામ સગવડ રાખવામાં આવી છે, માટે જે જે જૈન વિદ્યાર્થીઓને દાખલ થવાની ઇચ્છા હોય તેમને નીચેના શિરનામે વાલીની સહીથી ઇંગ્લીશ તેમજ ધાર્મીક અભ્યાસ અરજીમાં જણાવી જેમ બને તેમ તાકીદે અરજી મોકલી આપવા વિનંતી છે.

ઘડીયાળી પોળ-દેશાઇ શેરી. }

મોદી છગનલાલ નાથાભાઇ.
ઓ૦ સેક્રેટરી.

---

## પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ જો, રૂા. ૩-૮-૦

આ ગ્રંથ તૈયાર થઇ ગયાની અને તેમાં આવેલી હકીકતનો સવિસ્તર ખુલાસો પ્રથમના અંકામાં આવી ગયેલ છે. પ્રાચિન જૈન લેખ સંગ્રહ ભાગ ૧ લાની નકલો કેટલાક મહાશયો હવે તદ્દન થઇ રહ્યા બાદ મંગાવે છે. પ્રાચીન શોધખોળના ગ્રંથો તુરતમાંજ ખપી જતા હોવાથી પાછળથી અમારે ના લખવી પડે છે, જેથી બીજા ભાગ માટે પણ નિરાશ ન થવું પડે. માટે તાકીદે મંગાવી લેવા વિનંતિ છે. પોસ્ટ ખર્ચ જુદો.

---

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૬ પટ્સ્થાનક સટીક.
૭ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૮ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૯ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક.
૧૦ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૧૧ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૨ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૩ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૪ શ્રી નંદીસૂત્ર-શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠ મોતીચંદ સુરચંદ તરફથી.
૧૫ શ્રી મંડલપ્રકરણ, શાહ ઉજમશી માણેકચંદ ભાવનગરવાળા તરફથી.
૧૬ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૭ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા-નવસારી
૧૮ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૯ દાનપ્રદીપ
૨૦ સંબોધ સિત્તરી શ્રી તખતગઢના જૈન ગૃહસ્થો તરફથી.
૨૧ ધર્મરત્ન "
૨૨ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર) "
૨૩ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૨૪ પ્રશ્નોત્તર પદ્ધતિ.
૨૫ પાતાંજલ યોગદર્શન.
૨૬ શ્રી નેમિનાથ ચરિત્ર ભાષાંતર.
૨૭ પ્રભાવિક ચરિત્ર ભાષાંતર.

નંબર ૧૮-૧૯-૨૧-૨૨-૨૩-૨૫ ૨૬-૨૮ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્તવ્ય ચિદ્વૃત્તિ.

" જ્યાં માણસો ચિદ્વૃત્તિરૂપ અંતર્જામીને આવી રીતે કબૂલ કરતા નથી ત્યાં તેઓ કેવળ ઈન્દ્રિયો, મનોવિકાર અને સ્વાર્થને વશ થઇ વર્તે છે. કોઇપણ દુર્વાસના તૃપ્ત કરે છે ત્યારે તેઓ જાણે છે કે આપણે ખોટું કામ કરીએ છીયે ચિદ્વૃત્તિ તેમને નિંદે છે. કુદરતનો નિયમ તેમની વિરૂદ્ધ પોકાર કરે છે. પોતાનું કૃત્ય આપખુદીનું અને પાપી છે એમ તેઓ સમજે છે. પણ હવે પછી અટકાવ કરવાની તેમની શક્તિ ઓછી થઇ ગઇ છે. તેમની સંકલ્પ શક્તિએ સામર્થ્ય ખોયું છે; અને બીજી વખત લાલચ આવશે ત્યારે તેઓ એથી પણ ઓછો અટકાવ કરી શકશે. પછી ટેવ બંધાય છે. દરેક દુષ્કૃત્યનું પાપ એ છે કે તેમાંથી જૂદાં દુષ્કૃત્યો એક પછી એક જન્મ પામ્યાજ જાય છે.

પણ ચિદ્વૃત્તિ કંઇ મરી ગઇ નથી. આપણાથી તેને સારૂ કબર ખોદી સૂઇ જા એમ કહી શકાશે નહિ. આપણે તેને કદાચ પગ તળે કચરી નાંખીએ, તેમ છતાં તે જીવતી રહે છે. જ્યારે જ્યારે દરેક પાપ અને અપરાધ કરવામાં આવે છે, ત્યારે ત્યારે તે પ્રત્યેક પાપ કે અપરાધનું વેર લેનાર ચિદ્વૃત્તિરૂપી દેવદૂત તૈયારજ હોય છે. આપણે તેની તરફ આંખ મીચીએ તોએ તે નજર આગળથી ખસતી નથી, અને કાન બીડીએ તોપણ પડદાને તેને ભણકારા બંધ થતા નથી. " આ પ્રમાણે ચિદ્વૃત્તિ આપણને બધાને બાયલા બનાવે છે." પણ આ દુનિયામાં પણ ન્યાયનો દિવસ આવે છે, ત્યારે તે આપણી વિરૂદ્ધ ઉભી રહે છે, અને ચેતવે છે કે સન્માર્ગનું વર્ત્તન પાછું સ્વીકારો.

ચિદ્વૃત્તિ હમેશ રહે છે અને તે પ્રત્યેક મનુષ્યમાં છે. તે પ્રત્યેક મનુષ્યના ચારિત્ર્યના સારરૂપ છે. તેથી મનુષ્યમાં ઇન્દ્રિયોને વશ રાખવાની, અને લાલચની સામા થવાની ને તેને પત ન કરવાની શક્તિ આવે છે. દરેક મનુષ્યનો ધર્મજ છે કે તેણે પોતાના વિશેષ ગુણ પોષી ખિલવવા, યોગ્ય પ્રકારનું જીવન કયું છે શોધી કાઢવા પ્રયત્ન કરવો, અને તે જીવનને માર્ગે જવું. આમ કરવું હોય તો તેવી તેનામાં સંકલ્પ શક્તિ છે; તે કોઇપણ બીજા પુરૂષનો મૂર્તિરૂપ નથી, કિંવા નીચવૃત્તિઓનો પ્રતિબિંબરૂપ નથી, કિંવા લોકોમાં ચાલતા આચારનો સત્વરૂપ નથી. પરંતુ પૃથક પૃથક પુરૂષ છે અને એ પૃથકપણું આણવાનું સામર્થ્ય છે. ખરૂં મનુષ્યત્વ આત્મસંયમથી; એટલે નીચવૃત્તિઓ જીવનના મોટાં પ્રયોજનને વશ કરવાથી આવે છે. "

For Private And Personal Use Only